## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.


મન, મતિ, પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

-શ્રીમોટા

**પ્રકાશક : હરિઃૐ આશ્રમ**
કુરુક્ષેત્ર મહાદેવના મંદિર પાસે,
જહાંગીરપુરા, રાંદેર, સુરત - ૩૯૫૦૦૫
ફોન : ૦૨૬૧- ૨૭૬૫૫૬૪


॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા
# ચિત્રકથા



**'મારે સમાજને બેઠો કરવો છે.'**
**'સમાજ મારો ભગવાન છે.'**

**- શ્રીમોટા**




સમર્થ જે કશો ન્હોતો તણખલું પણ ઊંચકવાને,
હવે તેને બનાવ્યો છે સમર્થોમાં શિરોમણિ તેં

-શ્રીમોટા

'જીવન સ્મરણ સાધના', બીજી આ., પૃ. ૨૨૬

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટા ચિત્રકથા




લેખક : મુકુલ કલાર્થી - ઇંદુકુમાર દેસાઈ



હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

પ્રકાશક : ટ્રસ્ટી મંડળ,
પૂજ્ય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ
સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫,
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪/૨૭૭૧૦૪૬
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૮૭ | ૧૦,૦૦૦ |
| બીજી | ૨૦૧૨ | ૫,૦૦૦ |

પૃષ્ઠ : ૮૦

કિંમત : રૂ. ૩૦/-

**પ્રાપ્તિ સ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭૦૦૧

મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯)૨૬૬૧૨૭૨૮

ડિઝાઈનર : **ચંદ્રશેખર જોષી,** પુના. મો. : ૦૯૨૨૬૪૧૧૮૭૭

આવરણ ડિઝાઈન : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪.
ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯ મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧






## સમર્પણાંજલિ

(બીજી આવૃત્તિ)

**‘પૂજ્ય શ્રીમોટા ચિત્રકથા’** આજની પેઢીનાં અને ભવિષ્યમાં આવનારી પેઢીનાં તમામ બાળકોને પ્રેમપૂર્વક અર્પણ. વહાલા પ્રભુનાં સૌ બાળકો પૂજ્ય શ્રીમોટાનાં જીવન અને કાર્યથી પ્રેરણા મેળવે, સૌમાં ગુણ અને ભાવનો વિકાસ થાય અને ઉત્તમ સંસ્કારો વડે પોતાનું અને પરિવારનું જીવન ઉજાળે એવી પ્રભુપ્રાર્થના સાથે સમાજને ચરણે અર્પણ...

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૫મો જન્મદિન
ભાદરવા વદ ચોથ, સં. ૨૦૬૮
તા. ૪-૧૦-૨૦૧૨

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત



॥ હરિઃૐ ॥

# નિવેદન

(બીજી આવૃત્તિ)

**'પૂજ્ય શ્રીમોટા ચિત્રકથા'** આ અગાઉ ૧૯૮૭માં પ્રકાશિત થઈ હતી. ૨૦૦૯ બાદ આશ્રમ તરફથી આ પ્રકાશન અંગે ઘણું મનોમંથન રહેતું હતું. પૂજ્ય શ્રીમોટાના જીવન પ્રસંગોને યોગ્ય રીતે ચિત્રાંકન કરીને ઉઠાવ આપી શકે, તેવા ચિત્રકારની શોધ હતી. કેટલાક પ્રયાસો થયા પણ સંતોષ નહિવત્ જેવો. એવામાં એકવાર સુરત આશ્રમે વાત થતી હતી ત્યારે શ્રી ભરતભાઈ બોરસે નામના પૂજ્યશ્રીના સ્વજન વાત સાંભળતા હતા. બીજે દિવસે એક પુસ્તક લઈને તેઓ આવ્યા. પુસ્તક મરાઠી સંસ્કૃતિના મહાપુરુષ 'સાને ગુરુજી'ના જીવન વિશે હતું. તેમાં ચિત્રો ખૂબ સુંદર અને આકર્ષક હતાં. આમ, ચિત્રકારની તપાસ કરતાં પુના સ્થિત ચિત્રકાર શ્રી ચંદ્રશેખર જોષીનો સંપર્ક થયો. આધ્યાત્મિક પ્રકૃતિના માણસ. ચાર વખત સુરત આવ્યા અને ચાર રાત્રિ આશ્રમે રોકાયા. પૂજ્યશ્રીના જીવનનો ઊંડાણથી અભ્યાસ કર્યો, પૂજ્યશ્રીના જીવન પ્રસંગોનાં સ્થળોની રૂબરૂ મુલાકાત લીધી. ફોટાઓ પાડ્યા અને ખૂબ ઝીણવટથી આખું કામ પાર પાડ્યું. સમય ઘણો થયો પણ કામ ઉત્કૃષ્ટ કક્ષાનું થયું તેટલો સંતોષ. જૂની ચિત્રકથાના લેખક શ્રી મુકુલભાઈ કલાર્થી અને શ્રી ઇંદુકુમાર દેસાઈનું લખાણ અત્રે લીધું છે. પૂજ્ય શ્રીમોટાની કૃપા વિના આ કામ થવું અશક્ય છે. આજનાં બાળકોને અને યુવાપેઢીને આ 'ચિત્રકથા' રુચિકર અને પોતાના જીવનમાં માર્ગદર્શક બનશે એવી હૃદયની ભાવના સાથે આ 'ચિત્રકથા'ની બીજી આવૃત્તિ સમાજનાં ચરણે અર્પણ કરીએ છીએ.

સ્વજન શ્રી ભરતભાઈ બોરસેએ ચિત્રકાર શ્રી ચંદ્રશેખર જોષીનો સંપર્ક કરાવ્યો, તે બદલ અમો તેમના આભારી છીએ. ચિત્રકાર શ્રી ચંદ્રશેખર જોષી તરફથી પૂજ્ય શ્રીમોટાને, કુંડલિની જાગૃતિનું ચિત્ર પ્રેમભાવે અર્પણ કરવામાં આવ્યું છે, જે આ 'ચિત્રકથા'ના ટાઇટલ પેજ નં. ૪ ઉપર લીધેલ છે. 'ચિત્રકથા'માં પૂજ્ય શ્રીમોટાના વિવિધ પ્રસંગોનાં આબેહૂબ ચિત્રો બનાવી આપવા બદલ અમો શ્રી ચંદ્રશેખર જોષીના પણ ખૂબ ખૂબ આભારી છીએ.

'ચિત્રકથા'નાં ચિત્રોની અંતિમ પસંદગી માટે ઘણી જ મહેનત ઉઠાવનાર સ્વજન ડૉ. શ્રી નિરંજનભાઈ રંગૂનવાળા અને ડૉ. શ્રી મનસુખભાઈ પટેલના અમો ઘણા ઘણા આભારી છીએ. સુ. શ્રી મીનાક્ષીબહેન રંગૂનવાળાએ આ 'ચિત્રકથા'ના પ્રકાશન માટે આર્થિક સહયોગ આપેલ છે. આ પ્રકાશન કરવામાં ઘણો સમય થયો છે, પરંતુ તે દરમિયાન  તેમણે અમારામાં વિશ્વાસ રાખીને ક્યારેય પ્રશ્નો કર્યા નથી. તેમના પ્રેમભર્યા સદ્ભાવ અને સહકાર બદલ અમો તેમના ઋણી છીએ.

આ 'ચિત્રકથા'ની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ 'ચિત્રકથા'નું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ, પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૧૧૫મો જન્મદિન
ભાદરવા વદ ચોથ, સં.૨૦૬૮
તા. ૪-૧૦-૨૦૧૨

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત.



## શ્રીમોટાનો જન્મ


પૂજ્ય શ્રીમોટાનો જન્મ સાવલીમાં થયો. સાવલી, વડોદરા જિલ્લાનું ગામ.

ઈસવીસન અઢારસો અઠ્ઠાણું, સપ્ટેમ્બરની ચોથી તારીખ. ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪. મોટાનો આ જન્મ દિવસ.

મોટાનાં ભાભી, કાશીબાના જણાવ્યા પ્રમાણે 'પડોશમાંના રામજી મંદિરે સાંજના સમયે આરતીની શરૂઆત થઈ, ત્યારે જ મોટાનો જન્મ થયો હતો.'

કુટુંબમાં બધાં આનંદ પામ્યાં. ભાઈચંદ દાદા આનંદ પામ્યા. સૌને ગોળધાણા વહેંચ્યા. સૌનાં મોં મીઠાં કરાવ્યાં.

મોટાના પિતાનું નામ આશારામ ભગત. માતાનું નામ સૂરજબા.



## સાધુએ ભવિષ્ય ભાખ્યું

એક દિવસે આંગણે એક સાધુ આવ્યો. તેણે ઓટલા ઉપર સૂરજબાના ખોળામાં બેઠેલા બાળકને જોયો.

ડાબા હાથ પર આ શું ? મોટું કાળું લાખું ! અને હાથમાં ત્રિશૂળ ! બાળક મોટા તો સાધુ તરફ હાથ લંબાવી ટગર ટગર જોવા લાગ્યા.


સાધુ, બાને કહે : 'માઈ, તારા બાળકનું ભવિષ્ય ઊજળું છે.'

એટલે સૂરજબા બોલ્યાં : 'મહારાજ, શા ઉપરથી આમ કહો છો ? એનું ભવિષ્ય કઈ રીતે ઊજળું છે, એ સમજાવો.'

સાધુએ કાળા લાખાની વાત કરી, રેખાઓમાં ત્રિશૂળ છે. પછી સાધુ કહે : 'આ બતાવે છે કે, તારો લાલ મોટો માણસ થશે અથવા મોટો સંત થશે.'

બા રાજી થયાં. બાએ સાધુને આખું સીધું આપ્યું. દાળ, ચોખા, ઘી, ગોળ અને લોટ. ઉપરથી ચાંદીની પાવલી દક્ષિણામાં આપી. આનંદ પામતો સાધુ આશીર્વાદ આપી આગળ ગયો.

ખરેખર ! સાધુની આગાહી સાચી પડી. એ બાળક આગળ જતાં એક મહાન સંતરૂપ થયા અને શ્રીમોટા તરીકે જાણીતા થયા.









## કુટુંબની દશા બગડી !

દાદા ગુજરી ગયા. રંગવાનું કામ ઓછું થઈ ગયું. દેવું વધી ગયું. હવે શું થાય ? આશારામ બાપાએ બધું વેચી નાખ્યું. લેણદારોને પૈસા આપી દીધા. તેમણે સાવલી છોડ્યું. કુટુંબ સાથે બાપા, કાલોલ રહેવા ગયા. પંચમહાલ જિલ્લાનું એ ગામ.

આશારામ બાપા રંગરેજનું કામ કરે, પણ એમાં કશું મળે નહિ. મોટું કુટુંબ. ખાવાના સાંસા પડવા લાગ્યા.


સૂરજબા હતાં મહેનતુ. ગામમાં સુખી કુટુંબો રહે. બા, તેમનાં ઘરકામ કરવા જાય. કોઈનું દળણું દળી આપતાં, ખાંડવાનું કામ કરતાં. લોકોનાં કપડાં ધોવાનું અને વાસણ માંજવાનું કામ પણ કરતાં. થોડાઘણા પૈસા મળે. કુટુંબને થોડો સહારો મળે.

આમ, જેમ તેમ કુટુંબ નભતું હતું.

## ઈંટવાડામાં મજૂરીએ

મોટા, ઉંમરમાં હતા નાના છોકરા, પરંતુ સમજ મોટેરાં જેવી હતી.

બા, લોકોનાં કામ કરે એ બધું મોટા જુએ. તેમને મનમાં થયું : 'હું બેસી રહું એ કેમ ચાલે ? ઘરમાં કંઈ મદદ કરું. લાવ, મજૂરી કરવા જાઉં. થોડુંક કમાઈ લાવું.'



મોટાને ખબર પડી. ઈંટવાડામાં મજૂરી મળે છે. મોટા, ત્યાં પહોંચી ગયા.

ઈંટવાળાએ પૂછ્યું : 'છોકરા, અહીં કેમ આવ્યો ? કોને મળવું છે?'

મોટાએ જવાબ આપ્યો : 'સાહેબ, મારે કામ જોઈએ. મને તમે કામે રાખશો?'

પેલા ભાઈએ હસતાં હસતાં કહ્યું : 'છોકરાનું અહીં કામ નહિ ! ગરમ ગરમ ઈંટો હોય.'તું ઉપાડી નહિ શકે. નકામો દાઝી જશે. આ કંઈ રમત વાત નથી.'

મોટાએ હિંમતભેર કહ્યું : 'ઈંટ ભલે ગરમ હોય. હું ઉપાડીશ. એકવાર કામ આપી જુઓ.'

ઈંટવાળા ભાઈ કહે : 'આજથી કામે લાગી જા. અડધેથી ભાગી જતો નહિ. ઈંટો પ્રમાણે પૈસા મળશે. ઓછી ઉપાડે તો ઓછા. વધારે ઉપાડે તો વધારે.'

ઈંટવાડો એટલે ધખધખતી ભઠ્ઠી ! એમાંથી ગરમાગરમ ઈંટો કાઢવાની ! ગરમ ઈંટો ઉપાડતાં હાથ દાઝે ! અંગારાની માફક ચંપાઈ જાય !

મોટા, પાછી પાની શાના કરે ? મોટા, ઈંટ ઉપાડવા લાગ્યા. મોટા, દાઝી તો જાય પણ તે કામ ચાલુ રાખે. દાઝવાને ગણકારે નહિ.

સાંજે કામ બંધ થાય. પેલા ભાઈ ઢગલા પાસે આવે. બધાંની ઈંટો વારાફરતી ગણે. ઈંટો પ્રમાણે પૈસા આપે.

મોટાનો વારો આવે. મોટા, પૈસા ગણી જુએ. પૈસા લઈ ઘેર દોડતા જાય.

હથેળી અને આંગળાં શેકાઈ ગયાં હોય. દાઝીને લાલ લાલ થયાં હોય. મોટા એને ગણકારે નહિ. તેમને તો ઘેર થોડીક મદદ કર્યાનો આનંદ.



## કડિયા કામે ગયા

ગામમાં કડિયા કામ ચાલતું હોય. મોટા, કડિયા પાસે ગયા. કામ માંગ્યું.

કડિયો છોકરાને જોઈને કહે : 'છોકરા, કામ બરાબર કરજે. રમતોબમતો નહિ.'

મોટા, કામ કરવા લાગી જાય. રેતી, સિમેંટ ભેગાં કરે. જોઈતું પાણી રેડે. સરસ કોલ બનાવી આપે. ઝટઝટ ઈંટો ઉપાડી લાવે. કડિયા પાસે બરોબર ગોઠવે.

કડિયો, નાના માણસનું કામ જોઈ રાજી થાય.

સાંજે કામ પૂરું થાય. કડિયો મોટાને કહે : 'છોકરા, તારું કામ મને ગમે છે. કાલે કામ પર આવજે. તારા જેવા મજૂર મળવા મુશ્કેલ. કામ સાથે કામ. બીજી કોઈ લપ નહિ.'

મોટા, હકારમાં માથું હલાવે. પૈસા લઈ ઘેર જાય. ખુશ થતાં થતાં જાય. જાણે રમત રમી આવ્યા. કામમાં પણ આનંદ લૂંટે. એટલે મજૂરી વેઠ જેવી ના લાગે.



## કપાસ વીણવા ખેતરમાં



ખેતરમાં કપાસ થયો હોય. કપાસ વીણવાનો સમય આવે. ખેડૂત, મજૂરોને રોકે. મોટા પણ મજૂરીએ જાય. કાલાં વીણવાનું કામ મોટા હોંશથી કરે. મોટા, મોટેરાંને પણ ટપી જાય.

મજૂરો રીઢા હોય. થોડુંક કામ કરે. પછી બીડી પીવા બેસે. ગામગપાટા હાંકે. કામ પણ ધીમે ધીમે કરે.

નાનકડા મોટા, કામચોરી ના કરે. મોટા, માનતા હતા : 'આપણને સોંપેલું કામ બરોબર કરીએ તો જ ભગવાન રાજી થાય.'

મોટા, ઉમંગથી કામ કરે. સાંજ સુધીમાં કાલાંનો ઢગ ખડકી દે. ખેડૂત ખુશ ખુશ થઈ જાય. મોટાનો વાંસો થાબડીને કહે : 'શાબાશ ! છોકરા, શાબાશ !'



## રોપણીકામ

ખેતરમાં રોપણીનો સમય આવે. મોટા, ખેતરમાં મજૂરી માટે જાય. નાનકડા છોકરાને જોઈને ખેડૂત કહે : 'છોકરા, સાંભળ. ધરુ રોપવામાં ઢીલ ના ચાલે. વરસાદ ધોધમાર વરસતો હોય પણ કામ ચાલુ રાખવું પડે. આમાં છોકરાનું કામ નહિ.'

મોટા, વિનયથી કહે : 'મને કામ આપી જુઓ. કામ જોઈને મજૂરી આપજો.'

ખેડૂત કહે : 'ભલે, ભલે ! મોટેરાંની હરોળમાં રહેવું પડશે. તેમની માફક કામ કરવું પડશે. બોલ, છે તૈયાર?'

મોટાએ ખુશીથી હા પાડી.

ડાંગરનું ધરુ રોપવું એટલે શું ? પાણી ભરેલી ક્યારી હોય. એમાં ઊભા રહેવું પડે, સવારથી સાંજ સુધી. ઊભાં ઊભાં વાંકા વળીને રોપવું પડે.

ધોધમાર વરસાદ પડતો હોય. કાદવમાં પગ ખૂંપી જાય. પણ મોટા, રોપણી બરોબર કરે. મોટેરાંની હરોળમાં રહે.

સાંજ પડે. મોટા, થાકીને લોથપોથ થઈ જાય. મોટા, એ ગણકારે નહિ. મજૂરી મળે એટલે બસ. આવી સખત મજૂરી અને સંઘર્ષ કરીને મોટા, પોતાની બાને મદદરૂપ થાય. ઘર ચલાવવા પૂરતો દાળ રોટલો મળી રહે. વળી, ભણવાનું તો ખરું જ. મોટા, શાળામાં નિયમિત જાય.



## ચોરાયેલા લાડુ ના ખવાય

મોટા જાણતા કે વાણિયાની વાડીમાં વરસમાં બબ્બે મહિના જમણવાર ચાલે. વાણિયાના છોકરાઓ શાળામાં આવીને રોજ જુદી જુદી વાનગીઓ જમ્યાની વાત કરે. તે સાંભળીને મોટાએ એકવાર વાણિયાના છોકરાને કહ્યું, 'અલ્યા, તમે દરરોજ જુદાં જુદાં મિષ્ટાન્ન જમો છો. હું તમારો ભાઈબંધ અને મને કાંઈ નહિ!'

વાણિયાના છોકરાઓ કહે, 'ચૂનીલાલ, આજ રાતના તું અમારી વાડી પાસે આવજે. આજે લાડુનું જમણ છે. પીરસનારા પણ અમે જ છીએ. તું આવીશ એટલે છાબડી ભરીને લાડુ તને આપીશું.'

રાત પડી એટલે મોટા, નક્કી કર્યા પ્રમાણે વાણિયાની વાડી પાસે જઈને એક અંધારી જગ્યાએ ઊભા રહ્યા. તે પછી થોડી વારમાં જ બે છોકરાઓ આવીને મોટાના હાથમાં છાબડી ભરીને લાડુ મૂકી ગયા.


મોટાને ત્યાં જ લાડુ ખાવાની ઇચ્છા થઈ પણ ઘરમાં રહેતી મા અને ભાઈઓની યાદ આવી એટલે મોટા તો લાડુની છાબડી લઈને ઘેર ગયા. લાડુની છાબડી બાને આપી. છાબડી ભરેલા લાડુ જોતાં જ બા તાડૂકી ઊઠ્યાં, 'અલ્યા, ચૂનિયા, ક્યાં જઈને આટલા બધા લાડુ લઈ આવ્યો ?' મોટાએ તેમની બાને બધી વાત કરી, તે સાંભળીને બા ગુસ્સે થઈ ગયાં અને બોલ્યાં, 'મારા રોયા, તને આટલું ભાન ના થયું કે ચોરાયેલા લાડુ આપણાથી ના ખવાય ? તારી બુદ્ધિ ક્યાં ગઈ ? જો હવે પછી આવું ચોરેલું ખાવાનું ઘરમાં લાવીશ તો તને ઘરમાંથી કાઢી મૂકીશ.'

મોટાએ જોયું કે બા ખરેખર ખિજાયાં છે. અને બાની વાત સાંભળ્યા પછી તેમને પણ એમ થઈ ગયું કે આવી રીતે ખાવાનું લાવ્યો તે સારું ના ગણાય.

પછી મોટાએ તેમાંથી લાડુની એક કરચ સરખી પણ ના ખાધી. બીજે દિવસે સવારે બાના કહેવાથી મોટાએ લાડુની છાબડી રસ્તા પર ઝાડુ કાઢવાવાળા ભાઈને આપી દીધી.







## પિતા પર અણધારી આફત

આશારામ બાપાને હુક્કો પીવાની ટેવ. એ માટે વારે વારે દેવતા જોઈએ. એટલે આંગણામાં થોડાં છાણાં સળગતાં રાખે. બાપાને ભજન ગાવાનો ભારે શોખ એટલે લોકો તેમને ભગત કહેતા.

એક રાતે બે સિપાઈઓ આવ્યા. ભગતજી પાસે બેઠા. વાતવાતમાં એક સિપાઈએ પૂછ્યું : 'ભગત, ઓટલા પર કોણ સૂતું છે?'

ભગતે જવાબ આપ્યો : 'મહેમાન છે.'

પેલા સિપાઈએ પૂછ્યું : 'પોલીસચોકીએ ખબર આપી છે?'

એ જમાનામાં એવો કાયદો હતો. કેટલીક કોમો ચોરી કરનારી હતી. તેમને ત્યાં મહેમાન આવે, તો એની ખબર ચોકીએ આપવી પડતી.

ભગતજીએ સહજ રીતે કહ્યું : 'અમારે ખબર આપવાની ના હોય.'

એ સાંભળીને સિપાઈ ગુસ્સે થઈ ગયો. તે ભગતજીને મારવા લાગ્યો ! મારતો મારતો ચોકીએ ઢસડી ગયો.



# મોટાએ મારગ કાઢ્યો

આ જોઈને મોટા, હેબતાઈ ગયા ! મોટા, બાપાની આવી દશા જોઈ શક્યા નહિ. એવામાં મોટાને કંઈ સૂઝી આવ્યું. તે નાગરવાડા ભણી દોડ્યા.

નાગરવાડામાં રાવ સાહેબ રહે. તેમનું નામ મનુભાઈ. તે ભગતના કુટુંબને ઓળખે, સૂરજબા તેમનાં દળણાં-ખાંડણાં કરતાં. મોટાએ મધરાતે રાવ સાહેબને જગાડ્યા અને રડતાં રડતાં કહ્યું : 'સાહેબ, સિપાઈએ વિના વાંકે મારા બાપાને ખૂબ માર્યા ! ઢસડીને ચોકીએ લઈ ગયા છે !'


રાવ સાહેબ મોટાને લઈને ચોકીએ ગયા. રાવ સાહેબ ચોકીએ ક્યાંથી ? સિપાઈઓ ગભરાયા ! રાવ સાહેબે કહ્યું : 'ભગતનો કશો વાંક નથી. તમે એને શા માટે માર્યો ? ચોકીમાં શા માટે પૂર્યો ? ફોજદારને બોલાવો. મારે ફરિયાદ નોંધાવવી છે.'

સિપાઈઓને પોતાની ભૂલ સમજાઈ. માફી માગી. તેમણે ભગતને છોડી મૂક્યા.

આ બધું મોટાએ જોયું. તે વિચારવા લાગ્યા : 'દુનિયામાં ગરીબને સૌ હડધૂત કરે ! આપણે ભલે ગરીબ હોઈએ. આપણું કોઈ અપમાન ના કરે એમ કરવું જોઈએ.'

વિચાર કરતાં મોટાને સમજાયું : 'તાલુકાના મામલતદારને જુઓ. તેમને બધાં સલામ કરે. નાનાંમોટાં સૌ માન આપે. મારે પણ એવા મોટા માણસ થવું છે. એ માટે શું કરવું જોઈએ ?'

'ખૂબ ખૂબ ભણવું જોઈએ.'





# જૂઠનો વેપાર છોડ્યો

કાલોલમાં ચોથા ધોરણ પછી અભ્યાસની સગવડ ન હતી. એટલે આશારામ બાપાએ મોટાને ગોધરામાં અનાજવાળાને ત્યાં નોકરી અપાવી.


શેઠે મોટાને અનાજ જોખવા બેસાડ્યા. શેઠે મોટાને ખોટું તોલમાપ કરવાની વેપારીઓની રીત શીખવી, પણ મોટાએ તો સાચી રીતે જ જોખવાનું રાખ્યું.

એકવાર એક ખેડૂતને શંકા ગઈ કે છોકરાએ અનાજનું તોલ ઓછું કર્યું. તેણે બીજા પાસે અનાજ જોખાવવા શેઠને કહ્યું.

ખેડૂતના આગ્રહથી શેઠે બીતાં બીતાં બીજા પાસે અનાજ જોખાવ્યું, પણ અનાજ તો માપ પ્રમાણે જ નીકળ્યું.

આમ, ખેડૂતની તકરાર મટી, પણ શેઠને ખાતરી થઈ કે છોકરો એમના શીખવ્યા પ્રમાણે કરતો નથી ! એટલે શેઠે ખાનગીમાં મોટાને ઠપકો આપ્યો.

મોટાએ વિનયથી કહ્યું : 'શેઠજી, મારાથી જૂઠનો વેપાર નહિ થાય.' અને મોટાએ એ નોકરી છોડી દીધી.







## ભણતાં ભણતાં પટાવાળાનું કામ

એવામાં કાલોલમાં અંગ્રેજી શાળા ઊઘડી. મોટાને આગળ ભણવાનું મન થયું.

મોટા, મુખ્ય શિક્ષકની પાસે ગયા. વિનયથી બોલ્યા : 'સાહેબ, મારે ભણવું તો છે, પણ ફી આપી શકાય એમ નથી. હું શાળામાં સફાઈકામ કરીશ. એમાંથી ફીનું ખરચ કાઢીશ.' મુખ્ય શિક્ષકે મોટાને પટાવાળાનું કામ સોંપ્યું.

મોટા, બેન્ચો, ખુરશીઓ, ટેબલો સાફ કરે. ઓરડાઓ અને ચોગાન વાળે. ઘંટ વગાડે. ટપાલ લાવે-લઈ જાય. પાણી ભરે. બધાં કામ ઉમંગથી કરે.

મોટા, અભ્યાસ પણ બરાબર કરે.

વર્ગમાં પહેલો નંબર રાખે.

મોટા, શિક્ષકના ઘરે પણ જાય. તેમને બજારમાંથી શાકભાજી વગેરે લાવી આપે. ઘરકામમાં મદદ કરે. છોકરાંને રમાડે. આથી, મુખ્ય શિક્ષકનાં પત્ની પણ મોટા તરફ ભાવ રાખે. ઘરના દીકરા જેવો ગણે.

મોટાએ એક દિવસ મુખ્ય શિક્ષકને કહ્યું : 'સાહેબ, મારા ઘરની સ્થિતિ સારી નથી. મારે થોડા વખતમાં વધારે ધોરણ કરવાં છે. થોડાં વરસ બચી જાય. બાપાને જલદી મદદરૂપ થઈ શકાય.'

મુખ્ય શિક્ષક મોટાને એ રીતે ભણાવવા લાગ્યા. મોટા, ખંતથી ભણે. તેથી દોઢ વરસમાં અંગ્રેજી ચાર ધોરણ પૂરાં કર્યાં.





## ઈન્સ્પેકટરનું દિલ જીત્યું

ચાર ધોરણનો અભ્યાસ તો કર્યો, પણ પરીક્ષાનું શું ? એ માટે શિક્ષણખાતાની રજા લેવી પડે.

એક દિવસ શાળામાં ઈન્સ્પેક્શન હતું. મોટાએ એ તક ઝડપી લીધી. તેઓ ઈન્સ્પેકટર સાહેબ પાસે ગયા. પ્રણામ કરી ઊભા રહ્યા. સાહેબે પાઘડી પહેરી હતી. પાઘડી જરા ઝાંખી હતી.

મોટાએ સાહેબને વિનયથી કહ્યું : 'સાહેબ, આપની પાઘડી ઝાંખી પડી ગઈ છે. મને રંગવા આપો. હું સરસ રંગી આપીશ.'

સાહેબે પાઘડી રંગવા આપી. મોટાએ ખૂબ કાળજીથી પાઘડી રંગી. સરસ રંગેલી પાઘડી જોઈ સાહેબ રાજી રાજી થઈ ગયા.

સાહેબે મોટાને શાબાશી આપી. રંગવાના પૈસા આપવા માંડ્યા. મોટાએ વિનયથી પૈસા લીધા નહિ. સાહેબ, મોટાને કહે : 'છોકરા, કંઈ કામકાજ હોય તો કહેજે.'

મોટાને તો એ જ જોઈતું હતું. તેમણે નમ્રતાપૂર્વક કહ્યું : 'સાહેબ, મેં મિડલ સ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો છે. માત્ર પરીક્ષા બાકી છે. એ લેવાની સત્તા આપશ્રીને છે. કૃપા કરી ગોઠવી આપો. આપનો આભાર ભૂલીશ નહિ.'

સાહેબે કહ્યું : 'જા, ગભરાઈશ નહિ. બધું થઈ રહેશે.'

તેમણે પરીક્ષાનું ગોઠવી આપ્યું. મોટાએ ઘણી સારી રીતે પરીક્ષા પાસ કરી.

## વચન પાળ્યું

મોટાને ઘેર એક ગાય હતી. રસ્તા પર જ બાંધવી પડતી.

એક દિવસ સૂરજબા ઘરમાં કહે : 'આપણું માંડ માંડ પૂરું થાય છે, તો પછી ગાયને ક્યાંથી ખવડાવીએ ? હું આખો દિવસ બહાર કામે જાઉં છું. મારાથી ગાયની સંભાળ લેવાતી નથી. આપણે ગાયને વેચી દઈએ તો?'

કિશોરવયના મોટા બોલ્યા : 'બા, ગાય તારું બાળક હોત તો? તું એને વેચી દેત?'

એ સાંભળીને બા ગુસ્સામાં કહે : 'મારા રડ્યા ! તને ડબડબ કરવાની બહુ ખરાબ ટેવ છે ! ગાય પાળવી એ સહેલું નથી. એનો તેં વિચાર કર્યો કે ? આપણી પાસે ગાયને બાંધવાની જગા નથી. ગાય માટે ઘાસ વેચાતું લાવી શકતાં નથી. છાણમૂતરથી રસ્તો બગડે છે, તેથી મારે રોજ લોકોનું સાંભળવું પડે છે.'

મોટાએ શાંતિથી બાને કહ્યું : 'બા, તારી વાત સાચી છે. હવે બધી ગંદકી હું સાફ કરીશ. ઘાસચારો લઈ આવીશ. ગાયને રોજ નવડાવીશ. બા, હવે ગાય નહિ વેચેને?'

બાએ મોટાની વાત હસી કાઢી. બા કહે : 'હવે રહેવા દે તારી શેખી ! બોલ્યું પાળે તો તું ખરો !'


બીજે જ દિવસે મોટા, વહેલા ઊઠ્યા. છાણ એકઠું કર્યું. એનો બાજુએ ઢગલો કર્યો. મોટાએ બધું સાફ કર્યું. કોરી માટી લાવીને નાખી. એથી ભેજ ઓછો થયો. માખી બણબણતી ઓછી થઈ.

હવે ઘાસ-પૂળાનું શું ? કાલોલ એ તાલુકાનું મુખ્ય મથક. વહેલી સવારે ગામોનાં ગાડાં આવે. શાકભાજી, અનાજ વગેરે લાવે. ગામની ભાગોળે ગાડાં છૂટે. ગાડાવાળા બળદને છોડી પૂળા ખાવા નીરે. પછી બજારમાં કામે જાય. સાંજે બધાં ગાડાં જતાં રહે. મોટા, સાંજે ભાગોળે જાય. ત્યાં ખાધા વિનાના સારા પૂળા ભેગા કરે. ભારો બાંધીને ઘેર લઈ આવે. પૂળા ગાયને નીરે.

આ બધું જોઈને બા રાજી થાય. તેમને થતું :

'ચૂનિયાએ બોલ્યું પાળ્યું ખરું !'

મોટાનું નામ ચૂનીલાલ હોવાથી બા, વહાલમાં મોટાને 'ચૂનિયો' કહેતાં.













## પારકે ઘેર ભળી ગયા

અંગ્રેજી ચાર ધોરણ પૂરાં થયાં. આથી, આગળ અભ્યાસ કરવા માટે મુખ્ય શિક્ષક ઘનુભાઈએ વ્યવસ્થા કરી આપી.

ઘનુભાઈનાં માસીબા પેટલાદ રહે. તેમનું નામ પ્રભાબા. માસીબા ઘણી વાર કાલોલ આવતાં. તે મોટાને ઓળખતાં. ઘનુભાઈએ માસીબાને વાત કરી. માસીબા મોટાને પોતાને ઘેર રાખવા તૈયાર થયાં.

મોટા, ઘરનાં નાનાંમોટાં કામ કરવા લાગ્યા. કપડાં ધોવામાં મદદ કરે. રસોઈમાં પણ મદદ કરે. ઘરનાં બાળકોને હસાવે-રમાડે. સારી સારી વાતો કરે. ભણાવે પણ ખરા.

મોટાનો સ્વભાવ મળતાવડો અને પ્રેમાળ. મોટા, ઘરના માણસ જેવા બની ગયા. પ્રભાબા, મોટા પર દીકરા જેવું વહાલ વરસાવે. આ પ્રભાબા તે જ મોટાનાં આધ્યાત્મિક મા...!

## સંતપુરુષે સહાય કરી

જાનકીદાસ નામે સંત હતા. તેઓ અવારનવાર પેટલાદ પધારતા. મંદિરમાં એમનો ઉતારો રહેતો. ત્યાં લોકો સત્સંગ કરવા આવતા.


વિદ્યાર્થી મોટા પણ જાનકીદાસનાં દર્શને જાય. મોટા, સંતજીના ઓરડાને વાળીઝૂડી સાફ કરે. તેમનાં કપડાં સુકાઈ ગયાં હોય. મોટા તેની બરાબર ગડી વાળે. એની જગ્યાએ બરાબર મૂકે.

મોટા, મૅટ્રિકમાં આવ્યા. તે વખતે સંતજી કહે : ‘બેટા, તને એક ભારે માંદગી આવવાની છે, માટે બધો અભ્યાસ બે મહિનામાં ઝડપથી પૂરો કરી નાખજે. હું તારા અભ્યાસની ગોઠવણ કરી આપીશ.’


પછી શાળાના કેટલાક શિક્ષકોને મોટાને અભ્યાસમાં તૈયાર કરવાનું કામ સંતજીએ સોંપ્યું.

પ્રિલિમ પરીક્ષા પહેલાં મોટા, મોટા ભાઈને મળવા અમદાવાદ ગયા. ત્યાં ખૂબ માંદા પડ્યા. માંદગી લાંબી ચાલી. છેવટે સાજા થયા.

નબળા શરીરે મોટા, પેટલાદ આવ્યા. આચાર્યે મૅટ્રિકની પરીક્ષાનું ફૉર્મ ભરવા દીધું. તેઓ સારા નંબરે પાસ થયા.







## કૉલેજ જીવનની મુશ્કેલીઓ

મોટા, વડોદરા કૉલેજમાં દાખલ થયા, પરંતુ રહેવું ક્યાં ? કાલોલના એક ભાઈ કૉલેજના ફેલો હતા. તે મોટાને ઓળખતા. મોટાએ તેમને વિનંતી કરી. તેમણે ખુશીથી હા પાડી. પોતાની હૉસ્ટેલરૂમમાં રહેવાની સગવડ કરી આપી.


હવે જમવાનો સવાલ ઊભો થયો. હૉસ્ટેલને રસોડે જમવાનું મોંઘું પડે. મોટાને ઉપાય સૂઝી આવ્યો. વડોદરામાં વૈષ્ણવની હવેલી છે. મોટા ત્યાંના મુખિયાજીને મળ્યા. પગે લાગીને તેમણે વિનંતી કરી : ‘મહારાજ, હું વડોદરા કૉલેજમાં ભણું છું. રોજ મારે ભગવાનનો પ્રસાદ જમવો છે. કૃપા કરીને એક પતરાળી આપવાનું કરો. આપનો મોટો ઉપકાર થશે.’

મુખિયાજીએ ખુશીથી હા પાડી. એક પતરાળીની કિંમત કેટલી ? માત્ર દોઢ આનો ! ખાવાનું તદ્દન ચોખ્ખું. પાછું ચોખ્ખા ઘીનું.

મોટા, રોજ સવારે હૉસ્ટેલમાંથી વહેલા નીકળે. અઢી માઈલ જવાનું. અઢી માઈલ આવવાનું. ફૂટપાથ પર ચાલતાં ચાલતાં વાંચવાનું. મંદિરે જઈ મોટા સ્નાન કરે. પતરાળી જમીને પાછા ફરે.

આમ, છ મહિના ચાલ્યું, પછી પ્રભાબાને એની ખબર પડી ગઈ. તેમણે મોટાને હૉસ્ટેલમાં જમવાનું ગોઠવી આપ્યું.





## આવો શોખ ના પાલવે !

હૉસ્ટેલમાં 'ચા-ક્લબ' ચાલતી. કેટલાક વિદ્યાર્થીઓ એ ચલાવતા. મોટા, વિદ્યાર્થીઓને ચા બનાવી આપતા. દિવસમાં બેત્રણ વાર ચા થતી. તેનાં બધાં વાસણો વગેરે મોટા સાફ કરતા. વિદ્યાર્થીઓનું નાનુંમોટું કામ મોટા પ્રેમથી કરતા. પાણી ભરી આપતા. તેમનાં કપડાં ધોઈ આપતા.

સૌ વિદ્યાર્થીઓ મોટા સાથે મીઠો સંબંધ રાખતા. જરૂર પડ્યે મદદ કરતા. વિદ્યાર્થીઓ કોઈ વાર નાટક-સિનેમા જોવા જતા. તેઓ મોટાને પણ લઈ જતા. તેમની ટિકિટ કાઢતા.

એક દિવસ મોટાને એકલા સિનેમા જોવાનું મન થયું. એકલા જાય તો ટિકિટનો ખર્ચ પોતે કરવો પડે. મોટાનું એ ગજું નહિ. એટલા પૈસા ક્યાંથી લાવવા ? મોટાના મનમાં ગડમથલ જાગી. છેવટે મોટાએ સંકલ્પ કર્યો :

'મિત્રો સિનેમા જોવા લઈ જાય તોયે ના જવું. આમ, સિનેમા જોવાની ટેવ પડે. એટલે એકલા જવાનું કોઈ વાર મન થાયને ! માટે સારામાં સારો રસ્તો એ છે કે, સિનેમા જોવાનું બંધ કરવું. આવો શોખ આપણને ના પાલવે.'







## વિદ્યાપીઠ છોડી

ગાંધીજીએ રાષ્ટ્રીય કેળવણી માટે 'ગૂજરાત વિદ્યાપીઠ' અમદાવાદમાં શરૂ કરી હતી. કૉલેજ છોડીને મોટાએ ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવ્યો, પણ ખર્ચ શી રીતે કાઢવો ?

મોટાએ ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય ગિદવાણીજી પાસે સફાઈકામ માગી લીધું. વળી, દર અઠવાડિયે પ્રગટ થતું ગાંધીજીનું પત્ર 'નવજીવન' વેચવાનું પણ કર્યું. આમ, એમણે પોતાનો ખર્ચ કાઢ્યો.

એવામાં એક દિવસ ગાંધીજી વિદ્યાપીઠમાં આવ્યા. વિદ્યાર્થીઓ આગળ પ્રવચન કરતાં તેમણે કહ્યું : 'મેં તો ધાર્યું હતું કે, તમે બધા કૉલેજ છોડીને દેશનું કામ કરવાને મંડી પડશો. દેશમાં અસંખ્ય ગામડાંઓ છે. આપણા દેશમાં શું ચાલી રહ્યું છે, એની ગામડાંના લોકોને કશી ખબર હોતી નથી. તમે ત્યાં જાઓ અને ગ્રામજનોને બનાવોની વાતો કહો. એટલા માટે તમારી પાસે મેં કૉલેજનો ત્યાગ કરાવ્યો છે, પણ તમે તો એક ડિગ્રીનો મોહ છોડીને બીજી ડિગ્રીના મોહમાં પડ્યા !'


મહાત્મા ગાંધીજીની વાત મોટાને બરાબર લાગી. તેમણે વિદ્યાપીઠ તે જ દિવસે છોડી અને કોઈ ગામડાંમાં જઈ સેવા કરવા વિચાર્યું.



## ફેરિયાવાળા તથા ઝાડુવાળા બની કૉલેજખર્ચ કાઢ્યું

મોટા, વડોદરા કૉલેજ છોડી અમદાવાદ, ગૂજરાત વિદ્યાપીઠમાં ભણવા ગયા. કૉલેજ ખર્ચની જોગવાઈ અમદાવાદમાં કરવાની હતી.

કૉલેજમાં ભણવાનો અને રહેવાનો ખર્ચ નીકળે એ માટે એમણે શોધી કાઢ્યું 'નવજીવન' અઠવાડિક (છાપું) દર રવિવારે બહાર પડે. વહેલી સવારે તેઓ 'ગાંધીજીનું નવજીવન', 'ગાંધીજીનું નવજીવન' એવી બૂમો પાડીને રસ્તા અને શેરીઓ ગજાવી મૂકે. 'ગાંધીજીનું નવજીવન' ત્યારે ખૂબ વંચાતું. પાંચ પૈસા એની કિંમત. મોટાને એક નકલે એક પૈસો મળે. જેટલા નંગ વેચાય તેટલા પૈસા મળે. એક રવિવારે માત્ર પચાસ પૈસા મળ્યા. તેમાંથી સાત દિવસ જમવાનું ! સાત પૈસામાં એક દિવસ કાઢવાનો ! મોટા તો સ્વમાની હતા. તે દિવસોમાં ચણામમરા ફાકીને દિવસો ગુજારેલા. શહેરમાં સગાંવહાલાંનાં ઘર હતાં, પણ કોઈને ત્યાં માત્ર જમવા માટે જ જવું એ મોટાને મંજૂર ન હતું. મોટાએ વિચાર્યું, જીવન જીવવાનું ખમીર રાખીએ તો ભગવાન પણ મદદ કરશે. મોટાને તે વેળાએ એક વિદ્યાર્થીને ભણાવવાનું ટ્યૂશન મળી ગયેલું. તેમાંથી ખર્ચ નીકળી રહેતો.






## નડિયાદમાં હરિજનસેવા

મહાત્મા ગાંધીજી કહેતા : 'અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું કલંક છે.' એ કલંક ધોઈ નાખવા ગાંધી બાપુએ ઝુંબેશ શરૂ કરી હતી. એટલે મોટાએ પણ એ કામ ઉપાડી લીધું. ઇંદુલાલ યાજ્ઞિકે નડિયાદમાં હરિજન બાળકોનો આશ્રમ શરૂ કર્યો હતો. એ આશ્રમમાં મોટા જોડાયા.

છાત્રાલય અને શાળા બંને મોટા સંભાળતા. એટલે આશ્રમનું કામ ખૂબ રહેતું. બધા છોકરાઓને કેમ વર્તવું, સ્વચ્છતા કેમ જાળવવી એ સઘળું શીખવવું પડતું. પાણી પણ જાતે ભરવાનું. રાંધવાનું પણ જાતે. હરિજનોના વાસમાં પણ જાય. હરિજન કુટુંબ સાથે હળીમળીને સુખદુઃખની વાતો કરે. વાસમાં મહાભારત, રામાયણ વગેરેની ધર્મવાતો પણ કરે. ભજનો ગાય અને ગવડાવે. એકાંત સ્થળે ઉજાણી પણ ગોઠવતા. વાસમાં રાતવાસો ગોઠવી વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ પણ ગોઠવતા. મોટા, વિદ્યાર્થીઓને નદી વગેરે જળાશયે લઈ જાય. હરિજનોનાં દેગડા, ઘડા વગેરે વાસણો મંજાવીને ચળકાટવાળાં કરાવે. આમ, મોટાએ વરસો સુધી હરિજનસેવાનું કામ નિષ્ઠાથી, પ્રેમથી અને ઉત્સાહથી કર્યા કર્યું.





## મોટાનો આત્મવિશ્વાસ

ઇંદુલાલ યાજ્ઞિક, મોટાને છાત્રાલય ચલાવવા માટે મહિને રૂ. ૬૫/- આપતા.

ગૂજરાત વિદ્યાપીઠ શાળા ચલાવવા માટે રૂ. ૫૦/- આપતી.

કેટલાક કાર્યકરોએ વાંધો ઉઠાવ્યો. ડબલ પગાર શા માટે ? પણ મોટા ડબલ કામ કરતા એ એમણે ધ્યાનમાં લીધું જ નહિ !

એ વાત ગાંધી બાપુ આગળ ગઈ.

ગાંધી બાપુએ મોટાને બોલાવીને કહ્યું : 'ગરીબ દેશમાં સેવાનું વ્રત લેનારને આટલો પગાર શોભે ?'

મોટાએ નમ્રતાપૂર્વક બીમાર મોટા ભાઈની સારવારનો ખર્ચ, છ માણસના પોષણની જવાબદારી, મા-ભાભી વગેરે લોકોનાં ઘરનાં કામ કરી મદદરૂપ બનવાં વગેરે વિગતો જણાવી.


ગાંધીજીએ પૂછ્યું : 'આટલી નાની ઉંમરે તમે બે સંસ્થાનું કામ કેવી રીતે કરી શકો છો?'

મોટાએ હિંમતપૂર્વક જવાબ આપ્યો : 'વિલિયમ પીટ (નાનો) ફક્ત ૨૪ વર્ષની ઉંમરે ઇંગ્લૅન્ડનો વડો પ્રધાન બન્યો હતો.'

મોટાનો હાજરજવાબ સાંભળીને ગાંધીજી ખડખડાટ હસી પડ્યા. એમણે કશો જવાબ આપ્યો નહિ.


પરંતુ થોડા દિવસ બાદ મોટાને બે સંસ્થામાંથી ગમે તે એકનું કામ પસંદ કરવાનું જણાવવામાં આવ્યું. એટલે મોટાએ ફક્ત હરિજન શાળાનું કામ હાથમાં લીધું.





## રોગ મટાડવા હરિઃૐ મંત્ર

હવે મોટા, નડિયાદમાં હરિજનસેવા કરવા લાગ્યા. મોટા ભાઈને ટી.બી.નો રોગ. તેમની સારવાર માટે આર્થિક ભીંસ. સાતઆઠ માણસના કુટુંબને પોષવાનું. હરિજન છાત્રાલય અને વિદ્યાલય બંને સંસ્થાનાં કામની જવાબદારી. હરિજન બાળકોને સુંદર અને સુઘડ રીતે રાખવાથી સવર્ણોનો રોષ. સવર્ણો હરિજન બાળકોને મારે એની ચિંતા. આ બધાં કારણોથી એમના મન પર ખૂબ તાણ રહેતી. આથી, તેમને ફેફરું આવવા લાગ્યું ! એ દિવસોમાં મોટા, નર્મદાતટે મોખડી ઘાટને પાર રણછોડજીનું મંદિર છે, ત્યાં આરામ કરવા થોડો વખત રહ્યા હતા.



મંદિરે એક સાધુ મહાત્મા રહેતા હતા. મોટા, એ સાધુ મહાત્માની સેવા-ચાકરી કરતા. ત્યાં તેમના શરીરે ચારપાંચ વાર ફેફરુંનો હુમલો આવેલો, એ જોઈને મહાત્માએ તેમને કહ્યું : 'છોકરા, હું તને દવા આપું તે કરીશ ? તને આ દરદ મટી જશે. એક વર્ષ પછી તને કોઈ સદ્‌ગુરુ પણ મળી આવવાના છે કે, જે તારા જીવનનો વિકાસ કરાવશે.' એ સાધુ મહાત્મા મોટાના કાનમાં 'હરિઃૐ' એમ બોલ્યા.


## નર્મદામાતાએ બચાવ્યા

મોટાને તે દિવસોમાં આવી વાતોમાં શ્રદ્ધા ન હતી. તેમને થયું : 'ભગવાનના નામથી તે વળી રોગ મટતા હશે? સાધુમહાત્માએ જડીબુટ્ટી આપી હોત, તો હું માનત કે રોગ મટી જાત.' રણછોડજીના મંદિરેથી મોટા પાછા ફર્યા. ગરુડેશ્વરથી જરા આગળ ઊંચી ભેખડ છે.

ફેફરુંના રોગથી ત્રાસી જઈને તેમણે આખરે એ ભેખડ પરથી નર્મદાજીમાં પડતું મૂક્યું ! એમણે દેહનો અંત લાવવાનું નક્કી કર્યું હતું.

પણ આ શો ચમત્કાર ! પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રગટ્યો. જાણે કે નર્મદામાએ મોટાને બે હાથે ઝીલી લીધા અને ઉછાળીને ભેખડથી ક્યાંય દૂર ઉપર મૂકી દીધા ! મોટાને અદ્‌ભુત, અલૌકિક દર્શન થયું. મોટા બચી ગયા.

ત્યારથી જ મોટાને દિલમાં ઊગી ગયું કે 'By His Grace I am meant for something.' : 'પ્રભુકૃપાથી જીવનમાં કંઈક થવાને હું સર્જાયેલો છું.' આવું નિશ્ચિત ભાન પ્રગટતાં ભગવાનમાં શ્રદ્ધા જાગી.





## નામસ્મરણથી ફેફરું મટ્યું

નર્મદાકાંઠેથી મોટા, વડોદરા પ્રભાબાને ત્યાં ગયા. ત્યાં મોટાને ફેફરું આવ્યું. ત્રીજા માળના દાદર પરથી ગબડી પડ્યા. મોટા, પરસાળ પર પછડાયા ! ત્યાં તો નર્મદાતટે મળેલા મહાત્માએ દર્શન દીધાં. તેમણે મોટાને કહ્યું : 'અલ્યા છોકરા, હજુ પણ તને શ્રદ્ધા નથી? તું ભગવાનનું નામ લઈ તો જો. વિજ્ઞાનમાં તને શ્રદ્ધા છે કે નહિ? પ્રયોગ તો કરી જો ! તારો રોગ મટી જશે.'

મોટાએ આ વાત પ્રભાબાને કરી. મોટા, પ્રભાબાને પોતાનાં આધ્યાત્મિક મા માનતા. પ્રભાબાએ કહ્યું : 'અલ્યા ચૂનિયા, તું તો બડભાગી છે ! શંકા વગર તું સકળ કંઈ કર્મ કરતાં કરતાં એકમાત્ર ભગવાનનું નામ લે. મહાત્માએ સાચું કહ્યું છે. જરૂર તારો રોગ મટી જશે.'

છતાં મોટાને શ્રદ્ધા બેઠી નહિ. તે સમયમાં મોટાને ગાંધીજી પર ખૂબ શ્રદ્ધા. તેમણે ગાંધી બાપુને પત્ર લખી પુછાવ્યું : 'ભગવાનના નામથી રોગ મટે ખરો?'

ગાંધીજીએ જવાબ આપ્યો : 'રામ-નામથી જરૂર રોગ મટે.'

મોટાને ફેફરું મટાડવું હતું. આથી, તેઓ 'હરિ:ૐ' જપવા લાગ્યા. ધીમે ધીમે નામસ્મરણનો સમય વધારતા ગયા. સતત નામસ્મરણના પ્રયોગથી ફેફરુંના હુમલાની તીવ્રતામાં અને તેના ગાળામાં ફેર પડવા લાગ્યો અને ત્રણ ચાર મહિનામાં પ્રભુકૃપાથી ફેફરુંનો રોગ મુદ્દલે મટી ગયો.



# શ્રીસદ્‌ગુરુનું તેડું

મોટા, નડિયાદમાં હરિજનકાર્ય અને નામસ્મરણ બંને કરતા. તે દિવસોમાં અમદાવાદના એલિસબ્રિજની શરૂઆતમાં જમણે હાથે નીચે સાબરમતી નદીના કિનારે એક સાધુ ધૂણી ધખાવી પડી રહેતા. મોટાના નડિયાદના એક મિત્ર હતા. તેમનું નામ નાનુભાઈ કંથારીઆ. તેઓ અમદાવાદ આવ્યા ત્યારે આ સાધુનાં દર્શને ગયા.

ત્યાં તેમણે સાધુને પોકાર પાડતા સાંભળ્યા : 'નડિયાદ સે કોઈ ચૂનીલાલ ભગત કો બુલાવો.' નાનુભાઈએ નડિયાદ આવી મોટાને વાત કરી. તે સમયે મોટા માનતા : 'સાધુ તો સમાજ પરનો આર્થિક બોજો છે.' છતાં સાધુના વિચારે એમના મનનો કેડો ના છોડ્યો. એટલે એઓ અમદાવાદ ગયા. સાધુએ મોટાને પોતાની પાસે ચાર દિવસ રાખ્યા અને ઘણા ગૂઢ અનુભવો કરાવ્યા. મોટાએ મનોમન પ્રાર્થના કરી : 'કૃપા કરી નડિયાદ પધારી મને સાધનામાં દીક્ષિત કરશો.'

એ સાધુનું નામ બાળયોગી મહારાજ. તેઓ બંગાળના હતા. પાછળથી વસંત પંચમીના દિવસે તેમણે નડિયાદમાં મોટાને દીક્ષા આપી.





# બાળયોગી મહારાજ નડિયાદ પધાર્યા

એકવાર મોટા, મીરાખેડી ગામે જવા નીકળ્યા. 'અત્યંજ સેવા મંડળ'ની કારોબારીની મિટિંગ હતી.

નડિયાદ સ્ટેશને મોટા, ટિકિટ લઈ ગાડીમાં બેઠા. તેમણે બારીમાંથી એકાએક જોયું તો બાળયોગી મહારાજ પ્લૅટફૉર્મ પર ખૂણામાં બેઠા હતા.

મોટા તરત ગાડીમાંથી ઊતરી પડ્યા. બાળયોગી મહારાજને પગે પડ્યા.

બાળયોગીજીએ કહ્યું : 'ઝટ કર, ટિકિટ પાછી આપી દે.'

મોટા કંઈ બોલે તે પહેલાં યોગીજી એકદમ ગુસ્સે થઈ ગયા. એટલે મોટાએ ટિકિટ પાછી આપી દીધી.

મોટા, બાળયોગી મહારાજને પોતાના નરખી પોળના મકાનની મેડી પર લઈ ગયા.

તે વખતે બાળયોગી મહારાજની શી ભાવમસ્તી ! મેડી પર કૂદાકૂદ કરે, આમતેમ નાચે. એમણે મોટાને કહ્યું : 'હું તને સાધનામાં દીક્ષિત કરવા આવ્યો છું. એ માટે એક મોટું મકાન જોઈએ. એકાંત જોઈએ. પાસે જળાશય જોઈએ.'

મોટાએ બાળયોગી મહારાજને સમજાવવા પ્રયાસ કર્યો 'મહારાજ, હું ગરીબ માણસ... આવું ઘર હું ક્યાંથી લાવું!' બાળયોગી મહારાજ તો મોટા પર તાડૂક્યા. આથી, મોટાએ યોગીજીને બાને સોંપ્યા. પોતે શાળાએ જવા નીકળ્યા.



## બાળયોગીજીએ સાધના કરાવી

બાળયોગી મહારાજની માગણી પર વિચાર કરતાં કરતાં મોટા, શાળાએ જવા નીકળ્યા. રસ્તામાં વહોરવાડ આવે. એ વહોરવાડમાં કાસમભાઈ નામે સજ્જન રહે. મોટાને એમની સાથે સારો સંબંધ. દરરોજ જતાં આવતાં 'અસ્સલામો અલયકુમ' કરવાની ટેવ.

પરંતુ તે દિવસે વિચારમાં ને વિચારમાં મોટા એમને સલામ કરવાનું ભૂલી ગયા. એમણે મોટાને ટપાર્યા : 'કેમ ભગત, આજે કંઈ બહુ ઊંડા વિચારમાં છો. શી વાત છે?'

મોટા એમની પાસે ગયા. પોતે ભૂલી ગયા તે બદલ માફી માગી અને કહ્યું : 'મારે ઘેર એક ઓલિયા પધાર્યા છે અને મને સાધના કરાવવા તેમને એકાંતમાં મોટું ઘર અને પાસે જળાશય જોઈએ છે.'

કાસમભાઈ કહે : 'ઓ હો ! એમાં શું ! લો આ ચાવી. ડભાણ ભાગોળે એકાંતમાં આપણું 'હાજી મંજિલ' નામનું મકાન છે. બાજુમાં રામતલાવડી છે.'



મોટા રાજી થયા, મનોમન ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માન્યો. બાળયોગીજી મહારાજને લઈને 'હાજી મંજિલ'માં ગયા. અહીં બાળયોગી મહારાજે મોટાને દીક્ષા આપી. તારીખ ૨૨ જાન્યુઆરી, ઈસવીસન ૧૯૨૩. ગુજરાતી કેલેન્ડર મુજબ વસંત પંચમીનો (મહાસુદ પાંચમ) શુભ દિવસ સંવત ૧૯૭૯.

અહીં બેત્રણ વાર બબ્બે અઢી અઢી મહિના રહી શ્રીબાળયોગી મહારાજે મોટાને સાધના કરાવી.





## મગરમચ્છ

એકવાર મોટાને બાળયોગી મહારાજ કહે, 'મુઝે મગરમચ્છ કે પાસ લે જા.'

મોટાએ કહ્યું, 'સારું બાપજી.'


ત્યાર પછી મોટા, બાળયોગી મહારાજને ગોમતી કિનારે લઈ ગયા. ત્યાં તેઓશ્રીને મોટા મોટા કાચબા બતાવ્યા. પણ બાળયોગી મહારાજ કહે, 'ઐસા મગરમચ્છ નહીં.' પછી મોટા, બાળયોગી મહારાજને ડાકોરમાં રણછોડરાયજીના મંદિરમાં લઈ ગયા. રણછોડરાયજીની મૂર્તિ બતાવતા મોટાએ કહ્યું, 'દેખો, યહ સબસે બડા મગરમચ્છ હૈ.' ત્યારે બાળયોગી મહારાજે કહ્યું, 'યહ ભી બડા મગરમચ્છ નહીં. અબ તૂ મેરે સાથ ચલ. મૈં તુઝે બડા મગરમચ્છ દિખાતા હૂં.' એમ કહીને તેઓ મોટાને ગોમતી તળાવે લઈ ગયા. ત્યાં ગોમતીને એક ખૂણે આવેલા મકાનની દીવાલને અડીને બેઠેલા એક બેહાલ જેવા દેખાતા સાધુની પાસે લઈ ગયા.

પછી પેલા સાધુ અને બાળયોગી મહારાજે કેટલાય વખત સુધી વાતો કરી, પણ તેનો એક શબ્દ પણ મોટાને સમજાયો નહિ.

થોડી વાર પછી બાળયોગી મહારાજે મોટાને બતાવ્યા અને પછી વાત આગળ ચલાવી અને કહ્યું, 'વહ અપની સાધના કે બારે મેં કભી તુમ કો આકર મિલે તો ઉસકો બરાબર બાત બતાના.'

પછી મોટાને ઉદ્દેશીને બોલ્યા, 'દેખ, યહ મગરમચ્છ કા નામ હૈ નથ્થુરામ. તેરી સાધના મેં કભી કોઈ તકલીફ હો તો યહાં નથ્થુરામજી કે પાસ આકર પૂછ લેના.'

ત્યાર બાદ મોટાને સાધનાના પંથે માર્ગદર્શનની જરૂર પડે ત્યારે તેઓ મગરમચ્છ પાસે જઈને સલાહ મેળવતા.



## નર્મદા મૈયા કી જય !

એકવાર મોટા, બાળયોગી મહારાજને લઈને નર્મદા કિનારે ચાંદોદ-કરનાળી ગયેલા. મોટા તો પાસેની ધર્મશાળામાં બાળયોગી મહારાજને લઈ ગયા અને મુકામ કર્યો. ત્યાં શ્રીમોટાને ખૂબ જ ભૂખ લાગી. તેમને થયું કે ‘ક્યાંકથી કંઈક ખાવાનું મળે તો સારું, જેથી પેટનો અગ્નિ સંતોષાય.’ એવો વિચાર કરતા હતા એવામાં જ એક રૂપવતી કન્યા રૂમઝૂમ પગલે હાથમાં ચાંદીનો થાળ લઈને આવી પહોંચી અને ઓરડામાં થાળ મૂકીને વળતે પગલે ગુપચુપ ચાલી ગઈ. શ્રીમોટાએ તે પ્રેમપૂર્વક ખાઈને ઉદરપૂર્તિ કરી.

સાંજના કોઈ ભરવાડ કન્યા રોટલો, દૂધ અને માખણ લઈને આવી. બીજે દિવસે જર્મન સિલ્વરના થાળમાં ભોજન લઈને એક સ્વરૂપવાન કન્યા આવી અને થાળ મૂકીને ચાલી ગઈ.

મોટાને આ કન્યા કોણ છે અને ક્યાંથી આવે છે તેની ખબર પડી નહિ.

ત્યાર પછી બાળયોગી મહારાજે કહ્યું : ‘અબ ચલો.’ મોટા ઊઠ્યા અને બધાં વાસણો સાથે લઈ લીધાં. એમના મનમાં એમ કે કોઈ વાસણો લેવા આવ્યું નથી એટલે વાસણો લઈ જવાનાં હશે.

નર્મદા કિનારે જઈ બાળયોગી મહારાજ બોલ્યા, ‘સબ બરતન નદી મેં ડાલ દો.’


મોટાએ પૂછ્યું, ‘આ ચાંદીનો થાળ પણ ?’

બાળયોગી મહારાજે જરા ક્રોધિત સ્વરે જવાબ આપ્યો, ‘તો ક્યા યહ તેરે બાપકા હૈ ? જિસકા હૈ ઉસકો દેના ચાહિએ કિ નહીં ?’



ત્યારે મોટાને ખબર પડી કે આ જમાડવા આવનાર બીજું કોઈ નહિ પણ નર્મદામૈયા પોતે જ જુદાં જુદાં રૂપમાં કન્યાસ્વરૂપે પધાર્યા હતાં. મોટા, આનંદવિભોર બની ગયા અને ‘નર્મદા મૈયાની જય’ એમ બોલીને તે બધાં વાસણો નર્મદામૈયાનાં જળમાં પધરાવી દીધાં.






## અહીં તારો આશ્રમ થશે.

નડિયાદમાં જેટલા દિવસ બાળયોગી મહારાજ રહ્યા, તે દરમિયાન થોડા દિવસ હાલના હરિઃૐ આશ્રમને સ્થળે પણ તેઓ રહેલા. એ સમયે ત્યાં એક કૂઈ, એક છાપરું અને એક મોટો વડલો અને આસપાસ થોડી જગા હતી.

શ્રીબાળયોગી મહારાજને લઈને મોટા અહીં આવ્યા. મોટા પણ બાળયોગી મહારાજની સાથે રાત્રિ અહીં જ ગાળતા. બાળયોગી મહારાજ મોટાને વડલાની એક ડાળે બેસાડતા. આખી રાત તે ડાળ ઉપર બેસાડીને તેમની પાસે ઈશ્વર સ્મરણ કરાવતા.

શ્રીમોટા, એ ડાળ સૌને બતાવીને તેની વાત કરતાં કહેતા, ‘એકવાર રાતે સ્મરણ કરતાં કરતાં મને ઝોકું આવી ગયું. બાળયોગી મહારાજ તે જોઈ ગયા. તરત પથરો ઉઠાવી તેમણે માર્યો. પથરો મોટાની જાંઘમાં વાગ્યો. બાળયોગી મહારાજે તેમને તતડાવીને કહ્યું : ‘ભગવાન કા નામ બરાબર જાગ્રત હો કે લે. અગર દૂસરી દફે જરાભી ગફલત હુઈ તો દૂસરા પત્થર લગાઉંગા.’’

પછી બાળયોગી મહારાજે ખોંખારો ખાધો અને તાળી પાડીને મોટાને બોલાવ્યા અને કહ્યું, ‘બચ્ચા, ઈધર તેરા આશ્રમ હોગા. ઔર જૈસા તૂ ઈશ્વર કા નામ લેતા હૈ, વૈસા સબ લોગ ઈધર ઈશ્વર કા નામ લેંગે.’




## અભય કેળવવાની કપરી સાધના

બાળયોગી મહારાજની આજ્ઞાથી મોટા, ભાગ્યે જ ઘરમાં સૂતા. ભયંકર જગાઓ હોય ત્યાં જતા. સ્મશાનમાં રાતવાસો કરતા. સૂવાનું તો જમીન પર જ હોય. શરૂ શરૂમાં તો પીવાનું પાણી પણ ના મળે.

સંતરામ મંદિરની પાછળ એક સ્મશાન. ત્યાં લાકડાં સાચવવા એક ડોશીમા રહે. તે મોટાને રોજ પાણીની માટલી ભરી આપે. સૂવાની જગા વાળી આપે. કડકડતી ઠંડીમાં કે મુશળધાર વરસાદમાં મોટાનો સ્મશાનવાસ ચાલુ જ રહેતો. અભય, સાહસ, હિંમત, શૌર્ય, અંતર્મુખતા અને એકાગ્રતા કેળવવા એ ખૂબ ઉપયોગી હતું.

નડિયાદમાં બાવળવાળી બોકડની એક જગા હતી. તે અનેક ગુનાઓ કરવાનું સ્થળ હતું. ચોરો રાત્રે ત્યાં એકત્ર થતા. મોટા, ત્યાં આખી રાત સાધના કરવા જતા. મોટાની હાજરી ચોરોને ગમતી નહિ. તેઓ મારી નાખવાની ધમકી આપતા.

વર્ષમાં એકાદ મહિનો મોટા, લાંબી રજા લેતા. તે વખતે ક્યાંક એકાંત, નિર્જન, હિંસક પ્રાણીથી ભરપૂર, કુદરતી સૌંદર્યથી પણ ભરપૂર એવાં સ્થળોએ સાધના માટે ચાલ્યા જતા. ખાવાનું મળે કે ના મળે તેની તેઓ પરવા કરતા નહિ. કેટલીક વાર દિવસો સુધી ઉપવાસ થતા.






## સાચા ગુરુ ધૂણીવાળા દાદા

દીક્ષા બાદ બાળયોગી મહારાજે મોટાને કહ્યું : 'તારા ખરા ગુરુ તો શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા છે. તેઓએ તને સાધનામાં દીક્ષિત કરવા મને પ્રેર્યો છે. તું તેમની પાસે જઈ આશીર્વાદ લે. તેઓ જે હુકમ આપે તેમ તારે વર્તવું.'

મધ્ય પ્રદેશમાં ઇટારસી શહેર. એની નજીક સાંઈ ખેડા આવેલું. ત્યાં ધૂણીવાળા દાદા રહે. મોટા, દાદા પાસે ગયા. દાદાના સાંનિધ્યમાં એમને કેટલાક અદ્‌ભુત પ્રસંગો જોવા મળ્યા. દર્દીઓના રોગ સારા થતા જોયા.

ધૂણીવાળા દાદા દોઢ મણ લાકડાંની ધૂણી સામે બેસી રહેતા. ગળામાં આકડાનાં ફૂલના ખૂબ હાર પહેરી રાખતા. આકડાનાં ફૂલ ખૂબ ગરમ. આમ, તેઓમાં શરીરથી પર (અલગ) રહેવાની શક્તિ હતી. તેનો પરિચય થયો. તેઓ કાયમ નગ્નાવસ્થામાં રહેતા.

છેલ્લે દિવસે ગુરુમહારાજે મોટાને કહ્યું : 'તું તારે ઘેર જા. તું મારી પ્રાર્થના કર્યા કરજે. જ્યાં છે ત્યાં કામ કર. રાગદ્વેષવાળાં સેવાનાં કામોથી દૂર રહેજે. પ્રભુને માટે જ તારે કામ કરવાનું છે.'



## અખંડ નામસ્મરણ

મોટાની સાધના ચાલુ હતી : ભજન, કીર્તન, સ્મરણ અને આત્મનિવેદન કરતાં કરતાં મોટા, સોળ કલાક સુધી નામજપ કરતા. અથાગ મહેનત છતાં અખંડ નામસ્મરણ થતું ન હતું.

ખેડા જિલ્લામાં બોદાલ ગામ.વર્ષ ૧૯૨૮ના માર્ચ મહિનામાં ત્યાં હરિજન બાળકો માટેના આશ્રમનું ઉદ્‌ઘાટન સરદાર વલ્લભભાઈ પટેલ કરવાના હતા. આયોજનની બધી જવાબદારી મોટાને સોંપી હતી. ખૂબ મેદની ભેગી થાય તેમાં મોટાને બહુ રસ ના પડે. એટલે રાત્રે મોટા, ખેતરમાં સૂવા ગયા.

પાછળથી ત્યાં ઠક્કરબાપા અને શ્રીકાંત શેઠ પણ સૂવા આવ્યા. મોટા વચ્ચે સૂતા હતા. ત્યાં તેમને સાથળે સાપ કરડ્યો ! મોટાને મગજમાં સખત ઝાટકો લાગ્યો.


મોટાને તે જ પળે ગાંધીજીનું લખાણ યાદ આવ્યું : ‘જેને સાપ કરડ્યો હોય, તેને બેભાન થવા ના દેવો. તેને જાગ્રત રાખવા ગાલ પર થપ્પડ મારી હોય તો તેમાં હિંસા નથી.’

મોટાને થયું : ‘મારે જાગ્રત રહેવું જોઈએ.’

આથી, મોટાએ ઊંચા સાદે ‘હરિ:ૐ’નો જપ કરવા માંડ્યો.

સાપ ઉતારવા બેત્રણ ગામોમાં લઈ ગયા, પણ પરિણામ ના આવ્યું ! આખરે મોટાને આણંદમાં ડૉ. કૂકના દવાખાને લઈ ગયા. ડૉ. કૂકે હોજરીમાંથી ઝેર કાઢ્યું. દાક્તરે ઝેર તપાસ્યું તો કાતિલ ઝેર હતું ! તેમણે કહ્યું : ‘છોકરો ઈશ્વરના સ્મરણથી બચી ગયો. પ્રભુકૃપા વિના બચી શકાય નહિ.’

મોટાએ બોત્તેર કલાક એકધારું નામસ્મરણ કર્યું. આથી, નામસ્મરણ અખંડ થયું.





## ઉપાસનીબાબાનું આગમન

એકવાર નડિયાદમાં મરીડા ભાગોળની પાછળના ખેતરમાં એક નગ્ન માણસ પડ્યો હતો. મોટાને જાણ થઈ. કોઈ અવધૂત હોવો જોઈએ એમ એમણે માન્યું. મોટા, નાહીધોઈ લોટામાં દૂધ લઈ ત્યાં ગયા. અવધૂત તો દૂધ ગટગટાવી ગયા.


સાંજે તે અવધૂતે પોતાને કોઈ મુસલમાનના ઘેર લઈ જવા કહ્યું. મોટાના એક મિત્ર હતા. યુનાની હકીમ સાહેબ. તેમની પરવાનગી એમના ઘર માટે મળી, પણ નગ્નાવસ્થામાં લઈ જવા કેવી રીતે ! મોટાએ તેમના શરીરે કંતાન વીંટ્યું. ઘોડાગાડીના પડદા પાડી દીધા અને લઈ ગયા.

મોટાએ એમની દસબાર દિવસ સેવા કરી. મોટાની ગેરહાજરીમાં અવધૂત, હકીમ સાહેબ સાથે વાત કરતા. તે ઉપરથી જાણવા મળ્યું કે, તેઓ સાકુરીના ઉપાસનીબાબા હતા.

પછીથી ઉત્તરસંડા તરફ ઘોડાગાડીમાં મૂકવા ગયા. ઉપાસનીબાબાએ મોટાને પોતાની સાથે સાકુરી આવવા કહ્યું.

મોટાએ ના પાડી. પછી પ્રાર્થનાભાવે ઉપાસનીબાબાને કહ્યું : ‘આપ જો મને આગળ વેગ પ્રાપ્ત કરાવવાનું વચન આપો, તો આવું.’ પછી બોલ્યા, ‘સાધનાનો મારો હેતુ ફલિત કરાવવાની આપ કૃપા કરો, મને માત્ર આપનું જ એકમાત્ર દર્શન થયાં કરે અને આપની જ ભાવના મનમાં પ્રગટ્યા કરે અને આપનું સ્થળ જ્યાં હોય ત્યાં મને આવવા જવાની રકમ અણધારી કોઈકની પાસેથી મળી જાય તો હું આવીશ.’

આ ત્રણે શરતો પાછળથી પૂરી થતાં મોટા, સાકુરી ગયા હતા. ત્યાં બાબાએ એમને દેહશુદ્ધિની પ્રક્રિયા કરાવી હતી.



## શ્રીમોટા, ઉપાસનીબાબાનાં દર્શને

મોટા, સાકુરી પહોંચીને નાહીધોઈને શ્રીઉપાસનીબાબાને પગે લાગ્યા. બાબા લાકડાના પિંજરામાં બેસતા હતા. ત્યાં પિંજરાની સામે જ બેસી જવાની આજ્ઞા બાબાએ મોટાને કરી. મોટા ત્યાં બેસી ગયા અને પોતાની સાધનાના અભ્યાસમાં લાગી ગયા.


૫-૬ કલાક પછી મોટાને લઘુશંકા કરવાની વૃત્તિ થઈ. તેમનાથી ઊઠી શકાયું નહિ.

વળી, પાછા ૨-૨ાા કલાક ગયા. પછી લઘુશંકાની વૃત્તિ પ્રબળ બની. પરંતુ ઊભા થઈ શકાય તેમ ન હતું. તેથી મોટા, ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા.અને જાજરૂ જવાનું પણ ત્યાં જ થયા કર્યું. મળમૂત્ર એટલી બધી વાર થયા કે જેનો સુમાર નહિ. મોટાનાં કપડાં પણ તેનાથી લદબદ થઈ ગયાં. ત્યાં ચાર ફૂટની જગા તો મળમૂત્રથી ભરાઈ જ ગઈ. પાંચેક દિવસ સુધી મોટાને પાણી કે ખાવાનું કંઈ મળેલું નહિ તેમ છતાં એટલા બધાં મળમૂત્ર નીકળ્યાં જ કરતાં હતાં કે જેનો સુમાર ના હોય. મળની તો જાણે એક મોટી પથારી તે જગામાં થઈ ગઈ.


આ દરમિયાન લોકો મોટા ઉપર ગુસ્સે થઈને બબડતા અને પથરા પણ મારતા. આ બધો ખેલ શ્રીઉપાસનીબાબા સાક્ષીવત્ નિહાળ્યા કરતા, પરંતુ એક છોકરી, જેની ઉંમર ૧૩-૧૪ વર્ષની હશે, તે છોકરી મોટાને નહિ મારવાને તે છોકરી લોકોને વારંવાર સમજાવતી અને મોટાને બચાવવાનો પ્રયત્ન કરતી. તે જ સાકુરીનાં સતી ગોદાવરી મૈયા.

અગિયારેક દિવસ શ્રીમોટાને આવી સ્થિતિમાં રહેવાનું બન્યું. મોટાએ પોતાનું શરીર હલકું ફૂલ જેવું અનુભવ્યું. ત્યાર પછી ઓચિંતું લાગ્યું કે 'હવે તો ઊઠી શકાય છે' એમ લાગવાથી તેઓ તુરંત જ ઊઠ્યા અને દૂર દૂર આઘે જઈને મેલાં-ગંદાં વસ્ત્રોથી મુક્ત થયા અને જગ્યા પૂરેપૂરી સાફ કરી અને તે જગ્યા પર સુખડનું તેલ છાંટ્યું.

ત્યાર પછી શ્રીઉપાસનીબાબા પાસે નડિયાદ જવા માટે રજા માગી. અડધા કલાક પછી બાબાએ નડિયાદ જવા મોટાને સંમતિ આપી અને બોલ્યા, 'હવે તારી આ સ્થિતિ કાયમ જીવંત રહેશે.' પછી મોટા, નડિયાદ પાછા ફર્યા.







## હરિએ લાજ રાખી

મોટાને એક માસી હતાં. તેમની સ્થિતિ સારી હતી. મોટાના મોટા ભાઈ ગંભીર માંદગીમાં પટકાયા હતા. તે વખતે મોટાએ માસીબા પાસેથી બેત્રણ વાર પૈસા ઉછીના લીધા હતા. માસી તેની વારંવાર ઉઘરાણી કરતાં.

એકવાર મોટા, હરિજન શાળાએ ભજન ગાતાં ગાતાં જતા હતા : 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે...'

રસ્તામાં માસીનું ઘર આવતું હતું. માસીએ મોટાનો અવાજ સાંભળ્યો. માસી દોડતાં બહાર આવ્યાં. તેમણે મોટાનો ઊધડો લીધો.

મોટા ધીરજથી સાંભળી રહીને બોલ્યા : 'હું તમારા પૈસા પરત આપી દઈશ.'

પણ માસીનો પારો ચડતો ગયો. તે એલફેલ બોલવા લાગ્યાં. લોકો પણ તમાશો જોવા ભેગા થઈ ગયા.

મોટા બોલ્યા : 'માસીબા, તમને પગે પડું છું. બેચાર દિવસમાં તમને પૈસા આપી દઈશ.'

મોટા, પ્રભુને પ્રાર્થના કર્યા કરતા : 'હે પ્રભુ ! મારી લાજ રાખજે.'

ત્રણ દિવસ બાદ મોટાને માસીની રકમ જેટલો જ મનીઑર્ડર મળ્યો ! ભગવાને લાજ રાખી ખરી ! માસીબાને બધી રકમ ચૂક્તે કરી દીધી.

# દિલ જીતી જાય એવો નોકર

મોટા, હરિજનસેવાનું કામ કરતા હતા. તે દિવસોમાં છાનામાના સાધના કરતા હતા. દર વર્ષે એક મહિનો મોટા, રજા લેતા. કોઈ એકાંત સ્થળે જતા. ગુરુમહારાજના આદેશ મુજબ સાધના કરતા.

નર્મદા નદી પર જબલપુર શહેર છે. એ શહેર નજીક ધૂંવાધાર નામની જગા છે. એક વખત મોટા ત્યાં સાધના કરવા જવા નીકળ્યા.

ગાડીમાં કોઈએ મોટાનું ખીસું કાપ્યું ! હવે શું થાય ? પૈસાની વ્યવસ્થા કરવી પડશે. મોટાને માર્ગ સૂઝી આવ્યો. ત્યાં ગુજરાતી વેપારીની દુકાન હતી. મોટાએ શેઠજીને ખીસું કપાયાની વાત કરી.

'મને કંઈ કામ આપો. આટલી કૃપા કરો.'


વેપારીએ કહ્યું : 'હાલ એવું કામ નથી, પણ તમે ઘરકામ કરશો ? વાસણ માંજવાં પડશે. કપડાં ધોવાં પડશે. આવું બધું કામ તમને ફાવશે ?'

મોટાએ હા કહી. એટલે શેઠે મોટાને પોતાને ઘરે શેઠાણી પાસે મોકલ્યા.

શેઠાણીએ ઢગલો વાસણ માંજવા આપ્યાં. મોટાએ ઝડપભેર વાસણ માંજી નાખ્યાં. ધોઈને તાપમાં સૂકવવા મૂક્યાં. ચોકડી બરાબર સાફ કરી.

શેઠાણીએ દૂરથી વાસણ જોયાં. એ જોઈને તે રાજી થયાં. શેઠાણીને થયું : 'વાહ ! સરસ નોકર મળી ગયો !'

પછી મોટાને ગાંસડો ભરીને કપડાં ધોવાં આપ્યાં. મોટાએ બધાં કપડાં સરસ ધોયાં. તડકામાં સૂકવ્યાં. બગલાની પાંખ જેવાં કપડાં થયાં. એ જોઈને પણ શેઠાણી ખુશ થયાં.







શેઠ બપોરે જમવા આવ્યા. શેઠાણીએ નોકરનાં ખૂબ વખાણ કર્યાં. શેઠાણી બોલ્યાં : 'આવો સારો નોકર જિંદગીમાં પહેલી વાર મળ્યો. શું એનું કામ છે !'

રાતે પથારી કરવાનો વારો આવ્યો. મોટાએ પથારીઓ સરસ રીતે કરી. જોનાર રાજી થઈ જાય. રાતે મોટા, ઘરનાં બાળકોને ભેગાં કરે. રામાયણ, મહાભારતની વાતો કરે, બાળકો આનંદ પામે.

થોડા દિવસમાં મોટાને જોઈતી રકમ થઈ ગઈ. મોટા, શેઠની રજા લેવા ગયા. શેઠે મોટાને કહ્યું : 'ભાઈ, એક સવાલ પૂછું ? તમે નોકર માણસ લાગતા નથી. તમારું કામ અમે જોયું છે. નોકરની આટલી સૂઝ-સમજ અને ચીવટ ના હોય. તમે મને પેટછૂટી વાત કરો. જેથી મને સમજ પડે.'

મોટાએ નમ્રભાવે બધી વાત કહી. એ સાંભળીને શેઠને થયું : 'અરેરે, આવા ભગત માણસ પાસે ઘરકામ કરાવ્યું ! પ્રભુભજનના થોડા દિવસ બગાડ્યા !'

પછી મોટાએ શેઠ-શેઠાણીની રજા લીધી. ધૂંવાધાર જવા મોટા નીકળી પડ્યા.

## લગ્નમંડપમાં સમાધિ

મોટાની બાને પુત્રનાં લગ્ન કરાવવાની હોંશ થઈ. લગ્નની તૈયારી થવા માંડી. નડિયાદથી જાન અમદાવાદ ગઈ. વરકન્યા ચોરીમાં બેઠાં. મોટા, પ્રાર્થના કરતા હતા : 'હે મારા પ્રભુ ! તેં આ શું નાટક રચ્યું છે ? લગ્ન તો મારે તારી સાથે કરવાં હતાં. તેને બદલે આ શું થઈ રહ્યું છે ?'

આમ, પ્રાર્થના કરતાં કરતાં મોટા, લગ્નમંડપમાં જ સમાધિમાં આવી ગયા. દોઢ-બે કલાક આવી સ્થિતિ રહી.

આ બધું જોઈને બાએ ઉકળાટ ઠાલવતાં કહ્યું : 'મેર મૂઆ ! અહીં પણ તેં તારો વેશ કાઢ્યો ?'

કન્યા સતત બીમાર રહેતી હતી. લગ્નના દિવસે પણ તેને તાવ હતો. આથી, પ્રથમ દિવસે જ કન્યાને કાકા જોડે પિયર વળાવી. પછી પાંચેક માસમાં જ કન્યાનું અવસાન થયું ! આમ, મોટાએ લગ્ન કર્યાં, પણ સંસાર ભોગવ્યો જ નહિ.

આમ, આજ્ઞાંકિત પુત્રે માતાની આજ્ઞા પાળી. માતાએ પુત્રને પરણાવવાનો લહાવો લીધો. ભગવાને ભક્તનો માર્ગ સરળ કરી આપ્યો. મોટા, ફરી સાધનામાં લાગી ગયા. માતાએ ફરીથી જિંદગીભર લગ્નની વાત જ ના કાઢી.






## ધૂણીનો પ્રયોગ

સાધનાકાળ દરમિયાન મોટાએ ખૂબ કઠિન તપશ્ચર્યા કરી હતી. તેમણે ગુરુમહારાજની પ્રેરણા મુજબ પ્રયોગો કરેલા. તેમાંનો એક પ્રયોગ ધૂણીનો છે.

પ્રખર ઉનાળાના દિવસો હતા. વૈશાખનો ધોમધખતો તાપ પડતો હતો. શરીર પર કોઈ પણ વસ્ત્ર વિના મોટા, તડકામાં ગરમ પથ્થર પર બેસતા. વળી, પોતાનાથી દોઢ ફૂટને અંતરે લાકડાં-છાણાંની ૨૧ ધૂણી સળગાવતા. પ્રથમ ધૂણીના વર્તુળથી દોઢ ફૂટ દૂર બીજી ૨૧ ધૂણીનું વર્તુળ હતું અને બીજા વર્તુળથી દોઢ ફૂટ દૂર ત્રીજું ૨૧ ધૂણીનું વર્તુળ હતું. એમ ૬૩ ધૂણી હતી. ઉપર સૂર્યનો પ્રખર તાપ હોય. પથ્થર તપેલા હોય. ચારેબાજુ ધૂણીની ગરમી હોય. એમ ૨૧ દિવસ આ સાધના કરી. તે દરમિયાન કડવા લીમડાનાં કૂણાં કૂણાં પાનનો રસ પીતા. એ પણ માંડ માંડ અડધો કપ. એ દિવસોમાં કશું ખાવાનુંયે નહિ અને પીવાનુંયે નહિ.

મન શરીરની માંગોને વશ ના થાય તેમ જ શરીરના રોમેરોમમાંથી શરીરનો મળ પરસેવા વાટે નીકળી શકે તે માટેની આ સાધના હતી.



# શ્રીસદ્‌ગુરુએ ધરપત આપી

૧૯૩૨માં મોટાને માથે આખા ગુજરાતના હરિજન સેવાકાર્યની મોટી જવાબદારી આવી.

આ અંગે સહાય કરવા મોટા, સદ્‌ગુરુને પ્રાર્થના કરતા.

એકવાર નવસારી આશ્રમમાંથી વિદ્યાર્થીઓને લઈને સૂપા ગુરુકુળ નજીકના જંગલમાં જવાનું થયું. નદીની રેતમાં પડાવ હતો. રાતના વિદ્યાર્થીઓ છાવણીની આગળપાછળ પહેરો ભરતા. પડાવ આગળ મોટા, ધૂણી સળગાવી પ્રાર્થનાભાવે બેઠા હતા.



મધ્યરાત્રિ વીત્યા બાદ થોડી જ વારમાં ધૂણીની પાસે જ મોટાને શ્રીબાળયોગી મહારાજનાં દર્શન થયાં. છતાં એમને થયું : 'કદાચ આ મારી ભ્રાંતિ હશે.'

ત્યાં સદ્‌ગુરુ બોલ્યા : 'હે મૂર્ખ ! હું પ્રત્યક્ષ હાજર છું. તને ચેતવવા આવ્યો છું. તું નિશ્ચિંત થઈ જા. તારું બધું જ ભગવાન ચલાવવાનો છે.'

સદ્‌ગુરુએ પોતાની પ્રત્યક્ષ હાજરીના પુરાવા માટે જમણા પગના અંગૂઠાથી કૂંડાળું કરી ત્યાં મૃતદેહ પડેલો છે એમ કહ્યું.

મોટાએ વિદ્યાર્થીઓ પાસે કૂંડાળાની જગાએ વીરડો ખોદાવ્યો. બે હાથ જેટલે ઊંડે પાણી નીકળ્યું. પાણીથી પણ એક ફૂટ નીચેથી એક હોલાનું શબ નીકળ્યું. એ શબ પાણીમાં હોવા છતાં તદ્દન કોરું હતું.

મોટાને ખાતરી થઈ કે એમની વિવિધ જવાબદારી સદ્‌ગુરુશ્રી પૂર્ણ કરાવશે. તેઓ શ્રદ્ધાપૂર્વક નિશ્ચિંત થઈ ગયા.




# સગુણ સાક્ષાત્કાર

મોટા, પોતે સાધના કરતા એની જાણ કોઈને થવા દેતા નહિ. આખી રાત જાગરણ કરે. સ્મશાનમાં જઈ સાધના કરે. છતાં દિવસે તો હરિજન સેવક સંઘની ઑફિસનું તમામ કામ સ્ફૂર્તિથી કરે.

આમ, સાધના કરતાં કરતાં ૧૯૩૦માં મનની નીરવતા પ્રાપ્ત થઈ.

૧૯૩૪માં એમને સગુણ સાક્ષાત્કાર થયો. સાક્ષાત્કાર એટલે ભગવાનનું પ્રત્યક્ષ દર્શન થવું તે.

આ સગુણ સાક્ષાત્કાર શ્રીકૃષ્ણનો હતો. કૃષ્ણ બેત્રણ વાર જણાયા. પરમ સૌંદર્યથી છલોછલ, અપાર તેજના અંબાર ભરેલા સદેહ કૃષ્ણ હતા. બધું સૌંદર્ય જ સૌંદર્ય હતું. તે દૃશ્ય અવર્ણનીય હતું.



શ્રીકૃષ્ણનું સ્વરૂપ મનોહર, હૃદય આકર્ષક, મુલાયમ, આરપારદર્શક, સ્ફટિક જેવું ખૂલતું નીલવર્ણરંગી, જીવંત દર્શન હતું. દર્શન સ્થિર ન હતું, તે રમતું, હાલતું, ચાલતું, ઘડીકમાં પાસે આવતું અને ઘડીકમાં દૂર જતું લાગતું, તો વળી, પળમાં શરીરમાં પ્રવેશીને જુદા જુદા ભાગોમાં સ્પર્શ કરતું અને સમારકામ કરતું. હૃદયમાં બિરાજેલું પણ અનુભવાતું.

શ્રીકૃષ્ણનું અલૌકિક દર્શન એટલું તો અદ્‌ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ, કોમળ હતું કે ના પૂછો વાત ! મોટાને પોતાનું શરીર હલકું ફૂલ જેવું, વજન વગરનું બની અધ્ધર અધ્ધર હોય તેવું લાગેલું.


આ કૃપામય મંગળ દર્શનની અનુભૂતિ, મોટાના શરીરના રોમેરોમમાં હંમેશને માટે પ્રગટેલી રહી અને તેમના મન અને હૃદયમાં શ્રીભગવાનનો ભાવ સ્થિર થઈ ગયો.



## અઘોરીબાબાનાં દર્શને

મોટા, એકવાર હિમાલય ગયા. ત્યાં એક અઘોરીબાબાની જાણ થતાં તેનાં દર્શને ગયા. ત્યાં ચારેબાજુ હાડકાં વેરાયેલાં ! દુર્ગંધ મારે ! મધરાતે ભયંકર દેખાવવાળા અઘોરીબાબા આવ્યા. મોટા તો ખાધાપીધા વિના સાધનામાં રત હતા.

ત્રણ દિવસ કોઈ એકબીજા સાથે બોલ્યું નહિ. મોટાને કકડીને ભૂખ લાગી હતી. ચોથે દિવસે અઘોરીબાબાએ જાડા રગડા જેવું દુર્ગંધ મારતું પ્રવાહી પીવા આપ્યું ! અઘોરીબાબાએ મોટાને પોતાના શિષ્ય બનીને ત્યાં જ રહી જવા કહ્યું. નહિતર જાન લેવાની ધમકી આપી. મોટાએ તો સંસારમાં રહીને જ ઈશ્વર પ્રાપ્તિનું પોતાનું ધ્યેય છે એમ જણાવીને સ્પષ્ટ ના પાડી. મોટા, નિર્ભયપણે અઘોરીબાબાને પ્રણામ કરી પાછા ફર્યા. મોટાને એકાએક ઝાડા થવા લાગ્યા. આ પેલા અઘોરીના પીણાથી થયું. મોટા, ઝરણાના કિનારે જઈ સૂઈ ગયા. છેવટે બેભાન બની ગયા. આમ, વીસ દિવસ પસાર થયા.



છતાં
મોટા
કે એમ
જવાબદારી
પૂર્ણ કરાવશે.
શ્રદ્ધાપૂર્વક નિશ્ચિત

ભાનમાં આવ્યા ત્યારે એક બંગાળી સાધુ સેવા કરતા હતા. મોટાએ આભારવશ એમને એક કામળો અને પચીસ રૂપિયા આપવા માંડ્યા. સાધુએ કહ્યું : 'હું તો તમારા ગુરુમહારાજનો મોકલેલો આવ્યો છું.'

સાધુ જવા લાગ્યા. પાછળથી જોતાં મોટાને ભાન પ્રગટ્યું કે, આ તો શ્રીબાળયોગી મહારાજ હતા ! પાછળ ફરીને જોયું તો ક્યાંયે સાધુ મળે જ નહિ, દેખાયા જ નહિ, ગયા તે ગયા !



## દરિયામાં ચાલ્યા ગયા




કરાંચીનો વસવાટ મોટાની સાધનાનો ઉત્તરકાંડ. એકવાર મોટા, કરાંચીના દરિયાકિનારે ફરવા ગયા. શ્રીસદ્‌ગુરુ મહારાજે દિલમાં પ્રગટ થઈ દરિયામાં ચાલ્યા જવાની આજ્ઞા કરી.

મોટાએ એ હુકમનું પાલન કર્યું અને સડસડાટ દરિયામાં ચાલ્યા ગયા. ઊછળતાં મોજાંનાં પાણી મોઢા સુધી આવ્યાં. મોટા તો સદ્‌ગુરુની પ્રાર્થનામાં ડૂબેલા જ રહ્યા. તે પછી શું થયું તેની તેમને ખબર પડી નહિ, પરંતુ દરિયાકિનારે મોટાનું શરીર ફેંકાઈ ગયેલું હતું.

મોટા રહેતા એ ક્લિફ્ટનના બંગલાથી ઘણે દૂર કિનારા પર એમનું શરીર પડેલું હતું. ભાનમાં આવ્યા ત્યારે કપડાં ખૂબ ભીંજાયેલાં ન હતાં. તે ઉપરથી એમણે અનુમાન કર્યું કે, કેટલાક કલાક શરીર ત્યાં બેભાન અવસ્થામાં પડ્યું હશે.

આમ, શ્રીસદ્‌ગુરુના હુકમના પ્રેમપૂર્વકના પાલનથી શ્રીસદ્‌ગુરુની સહાય એમને મળી રહી.

શ્રીસદ્‌ગુરુની આજ્ઞાનો પ્રેમભક્તિપૂર્વક અમલ કરવામાં પોતાના જાનની પણ પરવા ના કરે તેવા જીવનું કલ્યાણ જ છે. એવાં દઢ શ્રદ્ધા અને આત્મવિશ્વાસ મોટાને પ્રગટી ગયાં હતાં.




# કરાંચીવાળા બાબાએ ધ્યાન શીખવ્યું

મોટા, કરાંચીમાં હતા ત્યારે કાળી ચૌદશ આવી. મોટા, દરિયામાં એક ટેકરી પર ગયા. ત્યારે પડછંદ ભયંકર માણસ ફૂટી નીકળ્યો ! તેણે ખૂબ વજનદાર પથ્થર મોટા પર ફેંક્યો. મોટાના વાળને અડીને એ ચાલ્યો ગયો. આથી, મોટાને કોઠાસૂઝ પ્રગટી કે, આ કોઈ ઓલિયો છે. મોટાએ તેમને પ્રણામ કર્યા.

એમણે મોટાને કાંઠા પરથી સિગારેટ લાવવા કહ્યું. મોટાએ કેબિનવાળાને ઉઠાડ્યો. તે ખિજાયો. વળી, પૈસા હતા નહિ, એટલે વધુ ખિજાયો. ત્યાં અચાનક એક છોકરો, બાબાએ મોકલેલા પૈસા આપી ગયો.

મોટા, સિગારેટ લઈ પાછા ફર્યા. બાબા ખુશ થયા. પછી તે ઓલિયાએ ધ્યાન પ્રક્રિયા કરી બતાવી. ઓલિયાના શરીરમાંથી તેજની ધારા વહી પાછી શરીરમાં વિલીન થઈ ગઈ. પછી તેણે મોટાનાં હૃદય, કપાળ અને બ્રહ્મરંધ્ર સુધી લિસોટો તાણ્યો. ત્રણે જગ્યાએ ટકોરા માર્યા. આથી, મોટાના શરીરમાં વીજળીનો સંચાર થયો. મોટાએ પોતે પણ શરીરમાંથી તેજના લિસોટા બહાર નીકળી પાછા શરીરમાં પ્રવેશ પામતા અનુભવ્યા. ઓલિયાએ મોટા પાસે સ્વયં આ ક્રિયા કરાવી. અંતે રામનવમીને દિવસે એ ધ્યાનની પ્રક્રિયા કરવા કહ્યું.





# અનેરી ભાવમસ્તી




શરીરનો સંયમ કેળવાય એવા હેતુથી કરાંચીમાં મોટાએ એકવાર રમજાન મહિનામાં રોજા રાખ્યા હતા. રોજાને અંતે કરાંચીની ઈદગાહમાં નમાજ પઢવા ગયા. નમાજ પૂરી થતાં શ્રીસદ્‌ગુરુએ દર્શન દીધાં અને હુકમ કર્યો : 'અહીંથી નાગો થઈ તારા મુકામે ચાલ્યો જા.'

દેહનું મમત્વ - દેહની મડાગાંઠ તોડવા, રુચિ-અરુચિ, સારું-નરસું વગેરે દ્વંદ્વોથી પર થવા દેહ પરનો સંકોચ દૂર કરવાનો આ પ્રસંગ હતો. પરસદભાઈની કાર લઈને આવેલા ભીમજીભાઈ ડ્રાઈવરને મોટાએ ગાડી લઈને રવાના કર્યા. નજીકમાં રહેતા પરિચિત ભાઈ શ્રી કલ્યાણપુરને ઘેર મોટા ગયા. તેમના ઘરેથી તેમને દૂર લઈ જઈ કપડાં કાઢી અને તેમને સાઈકલ પર કપડાં ક્લિફ્ટનના બંગલે લઈ જવા કહ્યું.

મોટા, ભાવમસ્તીમાં આવી ગયા. જાણે હવામાં અધ્ધર જ ઊડતા હોય એવો અનુભવ થયો. રસ્તામાં ગોરા સાર્જન્ટે રોકતાં મોટાએ પ્રચંડ ત્રાડ પાડી. સાર્જન્ટે 'સાંઈબાબા, ઈદમુબારક !' બોલી સલામ ભરી. ગવર્નરના બંગલા નજીક શ્રીસદ્‌ગુરુ ઊભા હતા. તેમણે મોટાને છાતી સરસા ચાંપી વહાલ કર્યું. રોજા તોડવાની ભેટ તરીકે પાંચ રૂપિયા આપ્યા. આ બે બાબતોનું જ ભાન મોટાને રહ્યું.

ક્લિફ્ટનના બંગલાથી બસોએક ફૂટ દૂર હતા ત્યારે દેહનું ભાન પ્રગટ્યું. ત્યાંથી ખૂબ મોટે મોટેથી બૂમો મારીને કપડાં મંગાવ્યાં અને પહેરી લીધાં.





## હવાઈ સફર

ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ શ્રી નરસિંહરાવ દિવેટિયાના જમાઈ શ્રી પરસદભાઈ સાથે મોટાનો ગાઢો સંબંધ હતો. તેઓ કરાંચીમાં સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીના મૅનેજર હતા. તેઓ દરિયા કિનારે કિલફ્ટનના બંગલે રહેતા હતા. મોટા એમને ત્યાં અવારનવાર લાંબા ગાળા માટે રહેતા. પરસદભાઈ મોટાને દરેક પ્રકારની મદદ કરતા.

એકવાર મોટા, સાબરમતી આશ્રમમાં અઢી માસ રહ્યા. હરિજન સેવક સંઘ છોડવાની તૈયારી કરવાની હતી.

પરસદભાઈના ઘરમાં બધાંની ઇચ્છા મોટાના જન્મદિવસે મોટા તેમની સાથે કરાંચીમાં હોય એવી હતી. પણ એ શક્ય ન હતું.

છેલ્લા દિવસોમાં જાણે પ્રભુકૃપા ઊતરી. ટપાલીએ આવીને મોટાના હાથમાં રજિસ્ટર્ડ પાકીટ મૂક્યું. તેમાંથી રૂ. ૬૦ની નોટો નીકળી. ઉર્દૂમાં લખાણ હતું : 'તારે તારા જન્મદિવસે જ કરાંચી જવું. તે પણ ઊડીને જ જવું. એવો હુકમ છે.'

ઉર્દૂ લખાણ સાબરમતી આશ્રમના શ્રી કુરેશીભાઈએ વાંચી આપ્યું હતું. ચાર સીટના નાના વિમાનમાં ટિકિટ મળી. હવાઈ સફરમાં મોટાને ભાવસમાધિ થઈ હતી. આમ, મોટા કરાંચી પહોંચ્યા.

જન્મદિવસે જ મોટાને આવેલા જોઈને પરસદભાઈના ઘરે બધાંને આનંદ થયો.



## ચોરે ઘરેણાં પાછાં આપ્યાં

પરસદભાઈની બે દીકરીઓ : કુરંગીબહેન અને ચિત્રાબહેન. એ બહેનો સાથે મોટા, બનારસ હતા. એક દિવસ એ બહેનો સાથે મોટા, કાશીવિશ્વનાથનાં દર્શને ગયા. તે વખતે એ બહેનોએ પોતાનાં ઘરેણાં મોટાને સાચવવા આપ્યાં.


બીજે દિવસે ગંગા નદીમાં નૌકાવિહાર કરવા જવાનું હતું. મોટાએ કપડાં બદલ્યાં. જૂના પહેરણમાંથી નવા પહેરણના ગજવામાં બધો સામાન મૂકવા હાથ નાંખ્યો. ત્યાં જુએ તો, પહેરણનું ગજવું કપાયું હતું ! બધાં ઘરેણાં ચોરાઈ ગયાં હતાં !

મોટાએ બહેનોને દુઃખ સાથે વાત કરી. બહેનોએ એ વાતને મહત્ત્વ ના આપ્યું. મોટાને એ વાત ભૂલી જવા કહ્યું.

પણ મોટા શી રીતે ભૂલે ? જવાબદારી તો પોતાની જ ગણાયને.

નૌકાવિહારમાં બહેનોની એક સખીએ સુંદર ભજનો ગાયાં. આ ભજનો સાંભળી મોટા, ભાવાવેશમાં આવી ધ્યાનમાં સરી પડ્યા. ધ્યાનમાં એમને વિશ્વનાથના મંદિરમાં કોણે અને કેવી રીતે ગજવું કાપ્યું હતું, તે દૃશ્ય આબેહૂબ દેખાયું. એટલે ચોરને ઉદ્દેશીને મોટાએ મનોમન કહ્યું : 'અલ્યા, આ ઘરેણાં કંઈ મારાં નથી. બહેનોએ મને સાચવવા આપેલાં છે. હું ગરીબ માણસ છું ! હું એ બધું ભરપાઈ કરી શકું તેમ નથી. આ ઘરેણાં તારાથી જીરવાશે નહિ. તું મને પાછાં સોંપી દે.'

બીજે દિવસે બહેનોની પરીક્ષા હતી. મોટા, પરીક્ષાખંડ પાસે બીજે માળે ઊભા હતા. તે વખતે એક માણસ મોટાને હાથ હલાવીને નીચે બોલાવવા લાગ્યો. મોટા નીચે ગયા.



પેલો માણસ મોટાને પગે પડી બોલ્યો : 'ભાઈસાહેબ, આ તમારાં ઘરેણાં લો.'

મોટાએ તેને પૂછ્યું : 'ભાઈ, તને શી રીતે ખબર પડી કે, આ ઘરેણાં મારાં છે? અને હું અહીં છું?'

ચોરે બધી વાત માંડીને કહી : 'મેં કાશીવિશ્વનાથના મંદિરમાં તમારું ગજવું કાપ્યું હતું, પરંતુ ગઈ કાલે સાંજે મારા આખા શરીરે બળતરા થવા માંડી. એ બધો વખત તમારો ચહેરો મને દેખાયા કરતો હતો. વળી, તમે સવારે ક્યાં હશો એ જગ્યા પણ મને દેખાયા કરતી હતી. ભાઈસાહેબ, મારી બળતરા મટાડો. મને માફ કરો.'

મોટાએ તેને કહ્યું : 'ભાઈ, તું એક વ્રત લે. આજથી મંદિરમાં આવનારનું ગજવું નહિ કાપું. ભગવાન તારી પીડા જરૂર મટાડી દેશે.'

ચોરે મોટાને પગે લાગીને કહ્યું : 'ભાઈસાહેબ, ભૂખે મરીશ, પણ મંદિરમાં કોઈનું ગજવું કાપીશ નહિ.'

મોટાએ પ્રભુને તેનો દાહ મટાડી દેવાને માટે દિલમાં દિલથી પ્રાર્થના કરી. પ્રભુકૃપાથી થોડી વારમાં જ તેની બળતરા મટી ગઈ ! તે ભક્તિભાવથી મોટાને પગે પડ્યો. પછી શાંતિથી જતો રહ્યો.







## નિર્ગુણ સાક્ષાત્કાર

માર્ચ મહિનાની ૧૩મી તારીખ સને ૧૯૩૯. ગાંધીજી કાનપુર જતા હતા. પ્રયાગ સ્ટેશને મોટા એમને પગે લાગ્યા ત્યારથી એમના શરીરમાં એક વેદના શરૂ થઈ. ૨૯મી માર્ચે એ દર્દ જીરવી ના શકાય એવું હતું. રાડ પડાવે એવું હતું. જીવ ઊંડો ને ઊંડો ઊતરતો જતો હતો. બહારની ચેતના ઓછી થઈ ગયેલી. અંદરની ચેતનાની જાગૃતિ ખૂબ જ હતી.

આ સ્થિતિમાં મોટાએ પેલા સાધુને વળાવ્યા. મેડી ઉપર જઈ ધ્યાનનો પ્રયોગ કરવા બેઠા. માથાના વચલા ભાગમાં સખત ગરમીના ઝરા વહેતા હોય એમ લાગ્યું. શરીરમાં અસહ્ય બળતરા હતી. ભાન ઊડી ગયું હતું. જીભ લગભગ બળી ગયેલા જેવી થઈ ગઈ.

જાણે અનેક કોટિ સૂર્યનો પ્રકાશ આજુબાજુ પથરાઈ જઈને શરીરમાં પ્રવેશ્યો. મહાસમાધિમાં ઊતરી જવાનું બન્યું.

આ અનુભવ નિર્ગુણ-નિરાકાર સાક્ષાત્કારનો હતો. તે વખતથી જ મોટામાં એક ચેતનાત્મક ભાવના પ્રસરી ગઈ : 'હું સર્વત્ર હાજરાહજૂર છું.' તેઓ જેમાં તેમાં પોતાને એકરૂપ થતા અનુભવવા લાગ્યા. એકરૂપ છતાં પોતે તે બધાથી નોખા પણ હોય.

સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશક્તિમાન એ ચેતનાના દિવ્ય ગુણો એમના જીવનમાં પ્રગટવા લાગ્યા.

## શ્રીધૂણીવાળા દાદાના દેહત્યાગ પછી શ્રીમોટાને રૂ. ૧,૪૦૦/-ની આર્થિક મદદ

શ્રીગુરુમહારાજ ધૂણીવાળા દાદાએ શ્રીમોટાને એક વખત એવું કહ્યું હતું કે, 'મારું શરીર નહિ હોય, ત્યારે તું મને જ્યારે પણ યાદ કરીશ ત્યારે હું તારી સામે હાજર થઈશ.'

મોટા ઉપર તેરસો રૂપિયાનું દેવું થઈ ગયું હતું. આવડી મોટી રકમનું દેવું ચૂકવવું શ્રીમોટા માટે અશક્ય જેવું હતું. ગરીબનું દુઃખ તો શું હોય? પૈસા!


આવી પરિસ્થિતિથી મુંઝાઈ જઈને એક રાત્રે નડિયાદના સ્મશાનમાં બેઠાં બેઠાં શ્રીમોટા, શ્રીધૂણીવાળા દાદાને રડતાં રડતાં પ્રાર્થના કરતા હતા. તે સમયે શ્રીધૂણીવાળા દાદા શ્રીમોટાની સામે પ્રત્યક્ષ થયા. તેમણે શ્રીમોટાને કહ્યું, 'કેમ રડે છે? તારે કેટલા રૂપિયા જોઈએ છે? બારસો જોઈએ છે કે તેરસો?'

ત્યારે શ્રીમોટાએ કહ્યું, 'તેરસો જોઈએ છે.'

તરત જ શ્રીધૂણીવાળા દાદાએ તેરસો રૂપિયા શ્રીમોટાને હાથમાં આપ્યા અને બોલ્યા, 'જો, સાંભળ. તારે પૈસા માટે કદી રડવું કરવું નહિ. તારે તો હુકમ કરવાનો.' ત્યારે શ્રીમોટા બોલ્યા, 'પ્રભુ! હુકમ શી રીતે થાય મારાથી તમને?'

શ્રીધૂણીવાળા દાદાએ કહ્યું, 'વિનંતી કરવી, પ્રાર્થના કરવી. એ તો થાયને? પરંતુ રડવું કરવું નહિ.'

શ્રીધૂણીવાળા દાદાએ વળી પાછા વધારાના સો રૂપિયા શ્રીમોટાને આપ્યા અને કહ્યું, 'લે, તારે ખપમાં લાગશે.' મોટા, હંમેશાં કહેતા કે, 'મારા ગુરુમહારાજ બહુ સમર્થ હતા.'







## બાની છેલ્લી ઘડીએ

મોટાએ હરિજન સેવક સંઘનું કામ છોડી દેવાનું નક્કી કર્યું. જે કોઈ ભગવાનને માર્ગે જવા માગે તેને માર્ગદર્શન આપવાનું નક્કી કર્યું.

સૂરજબાને આ વાતની જાણ થઈ. તે બોલી ઊઠ્યાં: 'ચકલાંને પાશેર ચણ નાખવાની તો ત્રેવડ નથી. આ નાનકડી નોકરી છે, તે પણ છોડી દેવા તૈયાર થયો. આમ કરીને તું શો જગ જીતી જવાનો છે?'

મોટાએ બાને ખૂબ સમજાવ્યા. બાની સંમતિ મેળવવા બાને વડોદરા પ્રભાબા પાસે લઈ ગયા. બા સમજી ગયાં. મોટાએ બાને મહિને પાંચ-છ રૂપિયા મળે એવી જોગવાઈ કરી આપી.

પણ બાએ એક શરત કરી:

'હું મરવા પડું, ત્યારે મારી અંતઘડીએ તારે મારી પાસે આવવું.'

મોટાએ બાની ઇચ્છા પૂરી કરવાનું વચન આપ્યું.

શ્રી પરસદભાઈની બે દીકરીઓ કુરંગીબહેન અને ચિત્રાબહેનને બનારસ પરીક્ષા આપવા જવાનું હતું. તેમની સંભાળ રાખવા મોટાને સાથે જવાનું થયું. એટલે મોટા, બનારસમાં હતા.

ત્યાં મોટાના નાના ભાઈ મૂળજીભાઈનો પત્ર આવ્યો: 'બા, બહુ બીમાર છે. તમને મળવા બોલાવે છે.'

મોટા, વિમાસણમાં પડી ગયા. તેમણે પરસદભાઈને તાર કરી પુછાવ્યું: 'મારે હવે કરવું શું?'

પરસદભાઈએ જણાવ્યું: 'દીકરીઓને કોઈને સોંપીને તમે નડિયાદ બા પાસે જજો.' પણ બનારસમાં કોઈ ઓળખીતું હતું નહિ. જુવાન દીકરીઓને અજાણ્યાને કેમ સોંપાય? એટલે મોટા, બા પાસે જઈ શક્યા નહિ.

મોટાને બાનું સ્મરણ ખૂબ થવા લાગ્યું. મોટાને થયું : 'ભગવાનની પ્રાર્થના સિવાય હવે બીજો કોઈ ઉપાય નથી.'

મોટા, એક ઓરડીમાં બેસીને પ્રભુને સતત પ્રાર્થના કરતા રહ્યા. ત્રણેક દિવસ આમ પસાર થયા. પછી રાતે મોટા પ્રાર્થનામાં બેઠા હતા ત્યાં એકાએક વીજળીનો દીવો બુઝાઈ ગયો !

મોટાને તરત જ મનમાં થઈ આવ્યું : 'બાનું અવસાન થઈ ગયું.'

સવારે મૂળજીભાઈનો તાર આવ્યો : 'બા અવસાન પામ્યાં છે !'

ત્યાર પછી મૂળજીભાઈનો પત્ર પણ આવ્યો. તેમાં લખ્યું હતું : 'બાના અવસાનના થોડાક સમય પહેલાં બાએ મને બોલાવ્યો. તેમણે કહ્યું : 'અલ્યા મૂળિયા, જો આ ચૂનિયો આવ્યો !' ત્યારે મેં બાને કહ્યું : 'બા, ચૂનીલાલ તો કાશીમાં છે. અહીં ક્યાંથી આવી શકે ?' ત્યારે બા વળતું બોલી : 'અરે, એ તો આ રહ્યો ! મારા પગમાં માથું મૂકીને બેઠો છે ! મારા શરીરે હાથ ફેરવે છે ! જો ! તે અહીં જ છે.'

કાગળ વાંચીને મોટા ગદ્ગદ થઈ ગયા. ભગવાને મોટાની ટેક જાળવી. તેમનું વચન પળાવ્યું. બાને તેનો સંતોષ થયો.

મોટા, મનોમન પ્રભુને નમી પડ્યા.







## બાનો પુનર્જન્મ

શ્રીમોટાનાં બાના દહેત્યાગ પછી થોડા સમય બાદ શ્રીમોટાને મનમાં પ્રશ્ન થયો કે, 'મારી બાનો જન્મ ક્યાં થયો હશે ?'

આ વાત જાણવા માટે તેઓએ ધ્યાનમાં બેસીને જોયું તો જણાયું કે બાનો જન્મ બનારસમાં થયો હતો. ધ્યાનમાં તેઓને બાના જન્મનું ઠેકાણું અને ઘર એ બધું જ બરાબર દેખાયું અને તે પ્રમાણે તેઓએ લખી લીધું અને ત્યાં ગયા. ત્યાં અજાણ્યા ઠેકાણે ક્યાંય સુધી ઓટલા ઉપર બેસી રહ્યા. આથી, કોઈનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માટે શ્રીમોટા, ભજન ગાવા લાગ્યા. લગ-ભગ પોણા કલાક પછી કોઈનું ધ્યાન શ્રીમોટા તરફ ગયું.

તેમણે હિંદીમાં શ્રીમોટાને પૂછ્યું, 'તમે કેમ બેઠા છો ? કોનું કામ છે ?'

ત્યારે શ્રીમોટાએ કહ્યું, 'રાત્રે મને સ્વપ્નું આવ્યું કે તમારે ત્યાં દીકરીનો જન્મ થયો છે. તે તમારી દીકરી મોટી શક્તિવાળી છે. મારા ગુરુમહારાજે મને હુકમ કર્યો છે કે, 'તેનાં દર્શન કરી આવો.' આથી, તમે દીકરીને મારા હાથમાં આપો, તો હું તેનાં દર્શન કરીને ચાલ્યો જઈશ.'

પછી શ્રદ્ધાથી પેલા ભાઈએ શ્રીમોટાને એ દીકરી આપી. પછી શ્રીમોટાએ તે દીકરીને (આગલા જન્મનાં પોતાની માતાને) ખોળામાં લઈને ભાવથી પ્રણામ કર્યાં.

## દાતા સામે સત્યાગ્રહ

૧૯૪૨ની ચળવળ વખતે હરિજન સેવક સંઘના કાર્યકરો જેલમાં હતા. હરિજન બાળકોના આશ્રમો બંધ થવાની પરિસ્થિતિ ઊભી થઈ.


મોટાએ હરિજન સેવક સંઘમાંથી (અંદાજે ૧૯૩૮માં) નિવૃત્તિ લીધી હતી, પણ ગુરુમહારાજનો હુકમ થયો કે, 'પૈસાના અભાવે છોકરા ભૂખે મરે છે. એટલે તું પૈસા ઉઘરાવીને સંઘને મદદ કર.'

મોટા ત્યારે કુંભકોણમ્‌માં હતા. તેઓ દક્ષિણ ભારતમાંથી મુંબઈ ઉઘરાણા માટે આવ્યા. એક ક્લબમાં જવાનું થયું. ત્યાં ટીપ મંડાઈ. સૌ પ્રથમ એક શેઠે રૂ. ૫૦૦/- માંડ્યા. દરેકને ઘરે જઈ પૈસા લેવાના હતા. મોટા, યાદીમાંના પ્રથમ શેઠની પેઢી પર ગયા. તેમણે રૂ. ૧૦૦/- આપી વિદાય કરવા માંડ્યા. મોટાએ તો ૫૦૦નો જ આગ્રહ રાખ્યો. શેઠે કહ્યું : 'હું મોટી રકમ લખું તો બીજા વધારે આપે. એટલે મેં ૫૦૦ લખાવ્યા હતા, પણ મારે આપવાના તો ૧૦૦ જ છે.'

મોટાએ લેવાની ના પાડી અને ૫૦૦ ના મળે ત્યાં સુધી દરરોજ પેઢી ખૂલતાં આવી જવાનું અને બંધ થતાં જવાનું રાખ્યું. દરરોજ જતી વખતે શેઠને નમસ્કાર કરીને જતા.

પેઢીના ઓટલાના એક ખૂણે બેસી મોટા આખો દિવસ સાધકોને પત્રો લખ્યા કરે. 'આ શું લખલખ કરતો હશે ?' એમ વિચારી શેઠે પત્રો જોવા માગ્યા. પત્રો વાંચ્યા પછી શેઠ પલટાયા. તેમણે મોટાની મહાનતા પિછાણી. આખરે ૫૦૦ રૂપિયા આપ્યા.

આમ, સાત દિવસે મૌનસત્યાગ્રહનો અંત આવ્યો.





## ગણિકા બહેનોનું દાન સ્વીકાર્યું

એક દિવસ મોટા, મુંબઈમાં ઉઘરાણું કરવા નીકળ્યા. ઇલેક્ટ્રિક ટ્રેન ચૂકી જવાય એમ હતું. મોટા દોડીને એક ડબ્બામાં ચડી ગયા. તેઓ અંદર ગયા, ત્યારે માત્ર એકલી બહેનોને જોઈ. મોટા સંકોચાઈને એક બાજુ બેસી પોતાનું કામ કરવા લાગ્યા.

એક બહેને મોટાને કુતૂહલથી પૂછ્યું : 'તમે આ શું લખલખ કરો છો ?' મોટાએ હરિજન બાળકો માટેના ઉઘરાણાની વાત સમજાવી.

બહેનો કહેવાં લાગી : 'તમે અમારા પૈસા લો કે નહિ ?' મોટા કહે : 'જરૂર લઈએ.' બહેનો કહે : 'પણ અમે તો ગણિકાઓ છીએ !' મોટા કહે : 'તેથી શું ?' શું તમને દયા-કરુણા દર્શાવવાનો અધિકાર નથી ?' તમે પણ ભારત દેશના નાગરિક છો. બહેનોએ પૂછ્યું : 'અમારે ઘેર આવીને લો ખરા ?' મોટાએ હા પાડી.

નિર્ધારિત દિવસે મોટા એમના લત્તામાં એમના નિવાસે ફાળો લેવા ગયા. ગણિકા બહેનોએ ખૂબ ઉમંગથી અને પ્રેમથી ચા પીવાનો આગ્રહ કર્યો. મોટાએ કહ્યું : 'એક શરતે ચા પીવું. તમારાં વાસણો માંજીને સ્વચ્છ કરીને ચા પિવડાવો.'

બહેનોએ તેમ કર્યું. મોટાને રૂ. ૨,૭૦૦/-નો ફાળો આપ્યો.

આવી હતી સંતની સમદૃષ્ટિ. એ સમદૃષ્ટિમાં જ પતિતોને પાવન કરનારી ગંગા વહે છે.



## હરિઃ ૐ આશ્રમોની સ્થાપના



હરિઃૐ આશ્રમ, કુંભકોણમ્

નિર્ગુણ સાક્ષાત્કાર પછી મોટાએ એકમાત્ર શ્રીભગવાનને માટે જ જીવન જીવવાનું પસંદ કર્યું. આ અંગે દક્ષિણ ભારતના એક કુટુંબમાં રહેવાનું થયું. ત્યાં કાવેરી નદીના કિનારે કુંભકોણમ્ શહેરમાં ૧૯૫૦માં પ્રથમ આશ્રમ સ્થાપ્યો.




*હરિઃૐ આશ્રમ, નડિયાદ*

ભક્તોને એમ લાગ્યું કે મોટાને મળવા કોઈ ચોક્કસ સ્થાન હોવું જોઈએ, પણ મોટાએ આશ્રમ બનાવ્યો ન હતો. ગુરુમહારાજના આદેશ બાદ વર્ષ ૧૯૫૫માં મોટાએ નડિયાદથી પાંચ કિલોમિટર દૂર શેઢી નદીને કિનારે બિલોદરા ગામે આશ્રમ બનાવ્યો.

*હરિઃૐ આશ્રમ, સુરત*



ત્યાર બાદ સુરતમાં વર્ષ ૧૯૫૬માં તાપી નદીને કિનારે જહાંગીરપુરા, રાંદેર પાસે આશ્રમ સ્થાપ્યો. આ આશ્રમો હરિઃૐ આશ્રમ તરીકે વિશ્વમાં જાણીતા થયા છે.



## મૌનમંદિર

આજે નડિયાદ અને સુરત આશ્રમમાં ૯ મૌનઓરડાઓ છે. તેમાં બેસનાર સાધકની પોતાની તમામ દૈનિક જરૂરિયાત સંતોષાય છે. બહારની કોઈ ખલેલ પેદા થતી નથી. આધુનિક સગવડો સાથેની જાણે જૂના જમાનાની એ ગુફાઓ ! અંદર પ્રવેશ કરનાર વ્યક્તિ નામસ્મરણ, ધ્યાન, ભજન, કીર્તન, આધ્યાત્મિક વાંચન વગેરે દ્વારા પોતાની સાધના કરે છે.

એક મૌનઓરડામાં એક જ વ્યક્તિ. હવાની અવરજવર માટે સામસામી જાળીઓ છે. આખો ઓરડો અંધારો છે. અંધારાના કારણે ઇંદ્રિયોને તેનો ખોરાક ના મળે એટલે વ્યક્તિ અંતર્મુખ બને છે.

બેસનાર માટે ધર્મ, સંપ્રદાય, લિંગ, જાતિ કે ગુરુપરંપરાનો કોઈ પણ ભેદભાવ નથી. સ્નાન, શૌચ આદિની વ્યવસ્થા અંદર જ છે. સાધકે સફાઈ પોતે કરી લેવાની હોય છે. કપડાં બારીમાંથી બહાર ધોવા આપવાનો રિવાજ છે

અંદરબહાર ખૂલે એવી બારી છે. તેમાં ચા, ભોજનની થાળી અને જરૂરિયાતની વસ્તુઓ મૂકી દઈને બહારથી બારી બંધ કરવામાં આવે છે. ત્યાર બાદ અંદરની વ્યક્તિ અંદરની બારી ખોલી તે લઈ લે છે. કોઈ કોઈને જોઈ શકતું નથી. અંદર સૂવા માટેનાં અને પૂજાપાઠ વગેરેનાં સાધનો હોય છે. દરેક રૂમમાં નાનું પુસ્તકાલય છે.

બેસનાર પાસે દરરોજના રૂપિયા પાંચ ખર્ચના લેવામાં આવે છે. બેસનારે પોતાનું નામ અગાઉથી નોંધાવવાનું હોય છે. મૌનમાં બેસનારે પોતાના ફોટાવાળા ઓળખપત્રની ઝેરોક્ષ રજૂ કરવી ફરજિયાત છે.



## મોટાનું વસિયતનામું

તા. ૧૯-૪-૧૯૭૬ના દિને મોટાએ દેહત્યાગનો નિર્ણય કરી લીધો. તેમણે આશ્રમનો લેટરહેડ માગ્યો અને તેમાં પોતાનું વસિયતનામું લખીને ચશ્માં મૂકવાના બૉક્સમાં મૂકી દીધું. એ વસિયતનામું કેવું અનોખું હતું !

જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ :-


હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા' રહેવાસી હરિ:ૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે, મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે. અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ, મૃત્યુસ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.


મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા'
- મોટા
તા. ૧૯-૭-૧૯૭૬









## શ્રીમોટાનો ઈચ્છિત દેહત્યાગ

મહી નદીને કાંઠે ફાજલપુર નામે ગામ. ત્યાં એલેમ્બિકવાળા શ્રી રમણભાઈ અમીનનું ફાર્મહાઉસ. શ્રી રમણભાઈ, મોટાના પરમ સ્નેહી. અવારનવાર મોટાને પોતાના ફાર્મહાઉસ 'હરિસ્મૃતિ' પર બોલાવતા.

તા. ૨૨-૭-૧૯૭૬ના દિવસે મોટા, ફાજલપુર જવાના હતા. ભયંકર વરસાદ હતો. ખરાબ તબિયત છતાં મોટાએ એ કાર્યક્રમ બદલ્યો નહિ.

ફાજલપુરના ફાર્મહાઉસ પર દેહત્યાગ કરવા મોટાએ પોતાના અંતેવાસી શ્રી નંદુભાઈને શ્રી રમણભાઈની રજા મેળવવા કહ્યું. શ્રી રમણભાઈએ જણાવ્યું : 'આ બધું મોટાનું જ છે.'

દસ વાગ્યે રમણભાઈ ઑફિસે ગયા. મોટાએ એમને ફોન કરી ત્રણ વાગ્યે બોલાવી લીધા. મોટાએ પોતાને અંદર ઓરડામાં લેવા જણાવ્યું. સાથે છ જણાં હતાં. મોટાએ પોતાનો દેહ છોડવાનો નિર્ણય કરી લીધો હતો. શ્રીમોટાના અંતેવાસી શ્રી નંદુભાઈએ મોટાને કહ્યું, 'થોડોક વધુ સમય પસાર કરો, વરસાદ ઘણો છે. દેહનો અગ્નિસંસ્કાર કરવો ફાવે નહિ.' મોટાએ ભારપૂર્વક જણાવ્યું 'This is not a matter of discussion.' તેમને કહ્યું : 'તમારે નામસ્મરણ કરવું હોય તો કરજો. મને કોઈ અડશો નહિ.'

ચાર વાગ્યે સૂઈ જઈ મોટાએ આંખો બંધ કરી. શરીરમાંથી પ્રાણ ખેંચવાની શરૂઆત કરી. રાત્રે ૧-૨૫ વાગ્યે દેહ છોડ્યો. તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ આમ, મોટાએ અનોખી રીતે ઈચ્છિત દેહત્યાગ કર્યો.




## મૌન ઓરડાઓ
## પૂજ્ય શ્રીમોટાની સમાજને મૌલિક ભેટ

'પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોને (મારા) અંતરમાં રહેલા ચેતનસ્વરૂપનાં (શ્રીભગવાનનાં સ્વરૂપનાં) પૂરેપૂરાં થયેલાં મારે તો અનુભવવાં છે. એ જ આ રંક જીવનનું ફલિતાર્થ થયા વિનાનું એક માત્ર બાકી રહેલું જીવનનું યજ્ઞકર્મ છે, તે તમે પૂરું કરો તો જ જીવન જીવ્યા તોલે થાય.' **-મોટા**
*'જીવન પ્રેરણા', ચોથી આવૃત્તિ, પૃ. ૨૨.*

શ્રીસદ્‌ગુરુનું ઋણ ફિટાવવાને માટે મોટાએ મૌનમંદિરોની રચના કરી. તેઓશ્રીએ કહ્યું છે, જાતે ગડમથલ કર્યા સિવાય, જાતે સંગ્રામ માંડ્યા સિવાય આ જ્ઞાન (ભગવાન વિશેની સમજણ) ક્યારેય મળવાનું નથી. આ મૌનએકાંતના અનુષ્ઠાનથી જીવને શિવ થવાની શક્યતા સાંપડે છે. એકાંતમાં જીવને પોતાનામાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે પોતાનામાં જે ભર્યા પડ્યા છે તેની જાણ થાય છે, એને નવી નવી સમજણ પડે છે અને જીવન પ્રત્યેનું દૃષ્ટિબિંદુ બદલાય છે. આપણે મળેલાં કર્મને પણ ઉત્તમ રીતે કરવાં હોય તોપણ મૌનએકાંતની જરૂર છે, એ ફક્ત પ્રયોગ કરવાથી સમજાશે. નામસ્મરણની ભાવનામાં દિવસનો મોટો ભાગ પસાર થાય એટલે એમ કરતાં કરતાં અભિરુચિ થાય. એ ભાવનાને સળંગ રાખવા માટે આવા એકાંતની જરૂર છે.

મારા ગુરુમહારાજે કહ્યું હતું કે, 'ભાવનાથી કરીને લોકોના જીવનને ઊંચે આણવું એ પણ મોટામાં મોટી સેવા છે.' રચનાત્મક કાર્યથી થતી સેવા કરતાં પણ મોટી સેવા છે. તમે ચિંતામુક્ત દિલથી ભગવાનનું નામ લઈ શકો એટલા માટે આ હરિઃૐ આશ્રમ છે.






## પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ

**સ્વજન :** આપની સાથે સાચો આંતરિક સંબંધ સ્થાપવા શું કરવું ? આપની સાથેના સંબંધનો લાભ ક્યારે અનુભવાય ? આપના આશીર્વાદથી ભક્તિનું ઝરણું ફૂટી ના નીકળે?

**મોટા :** સાચો આંતરિક સંબંધ સ્થાપવા માટે મોટાનાં પુસ્તકોનું નિત્ય ચોક્કસ સમય માટે ભક્તિપૂર્વક વાંચન, મનન અને અનુસરણ કરવું. મોટાનું સ્મરણ પ્રેમભાવે કરાય. વાંચનથી ભક્તિ જરૂર વધે, સંસ્કારો દૃઢ જરૂર થાય અને ગતિશીલ પણ જરૂર બને. મોટાનો લાભ લેવા માટે ચિત્તની શુદ્ધિ તો થવી જ જોઈએ. 'આપ મૂઆ વિના સ્વર્ગે ના જવાય.' કોઈ ગુરુ-સંત-સિદ્ધ માથે હાથ



મૂકીને ભક્તિનાં ઝરણાં અને નદી વહેવડાવી દે એ માન્યતામાં કંઈ દમ નથી. પુરુષાર્થ અને કૃપા બંને સાથે સાથે જાય છે. આપણી લાયકાત કેળવીએ તો તેઓ મદદ કરવા હંમેશાં તત્પર છે. **-મોટા**
*'સંતહૃદય', બીજી આવૃત્તિ, પૃ. ૩૨.*

આપણાં બહાર પડેલાં પુસ્તકો તારે એક એક લઈને વારાફરતી વાંચતા રહેવું. એક પૂરું થાય કે બીજું લેવું. અનુક્રમે એમ બધાં જ પુસ્તકો વાંચી લેવા અને એ બધાં પૂરાં થયેથી ફરી તે શરૂ કરવું. મારું લખાણ સીધું સાદું છે. **-મોટા**
*'જીવન સોપાન', પાંચમી આવૃત્તિ, પૃ. ૫૫.*

મારાં પુસ્તકો વાંચશો... તો મનને શાંતિ મળશે.

મારાં પુસ્તકોના વેચાણના પૈસા કંઈ મારા ખાનગી નથી. એ બધા આશ્રમના ચોપડે જમા થઈ જાય છે અને બધા પૈસા સારાં કામમાં વપરાય છે, એ સમાજની રકમ છે, ભલે મેં લખ્યું હોય, તેથી કોઈ મારી માલિકી થતી નથી, બુદ્ધિ તો ભગવાને આપેલી છે, સમાજની છે.

આ પણ ભગવાનની કૃપાથી સમાજ લઈ લે, બહુ કિંમત નથી. ઘણાંઓ હોટલમાં જતા હશે અને આટલા પૈસા તો લોક ખર્ચી નાખતા હશે, તો આ પુસ્તકો ખરીદી લઈને રાખે અને કોક દિવસ વાંચશે તો એમના મનને શાંતિ મળશે. **-મોટા**
*'ભાવજ્યોતિ' 'લેખકના બે બોલ'*

## સાહિત્ય પ્રકાશનાર્થે દાનગંગા

મોટા એમ દૃઢ રીતે માનતા હતા કે, જે સમાજમાં ગુણ અને ભાવનો વિકાસ ના થયો હોય તે સમાજ પાંગળો ગણાય.

ગુણ અને ભાવના વિકાસ માટે પ્રજાને સારા સાહિત્યની જરૂર પડે. ગુરુમહારાજના આદેશથી સમાજ પાસે મોટાએ દાન ઉઘરાવવા માંડ્યું. તેમાંથી અનેક સંસ્થાઓને સારાં પ્રકાશનો કરવાનું કામ સોંપ્યું. મોટા માનતા કે, બધું આપણે ના કરવું. સમાજને પણ આવાં કામોમાં જોતરવો.

ભક્તિસાહિત્ય, સ્ત્રીસાક્ષરોની મૌલિક કૃતિઓ અને બાળવાર્તાઓની નીલકંઠ શ્રેણી માટે ગુજરાતી સાહિત્ય પરિષદને કામ સોંપ્યું.

બહેનો અને માતાઓના જીવન પરત્વે સમાજના માનસમાં સદ્ભાવ, આદર અને માન પ્રગટે એવા સાહિત્યના સર્જન અને પ્રકાશન માટે વ્યવસ્થા કરી.

'જ્ઞાનગંગોત્રી', 'શ્રીઅરવિંદ ગ્રંથ શ્રેણી', 'સર્વધર્મ - તત્ત્વજ્ઞાન ગ્રંથશ્રેણી' માટે સરદાર વલ્લભભાઈ યુનિવર્સિટીને જવાબદારી સોંપી. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી, જૈન તથા બૌદ્ધ ધર્મદર્શનના નામથી સર્વધર્મનું હાર્દ સમાજ સમક્ષ રજૂ કર્યું છે.

ચરોતર એજ્યુકેશન સોસાયટીને મહાન પુરુષોનાં જીવનચરિત્રો, રામાયણ, મહાભારત, ભાગવત, ઉપનિષદ વગેરેની કથાઓમાં 'શિશુભારતી' અને 'બાલભારતી'ના, પ્રકાશન માટે તથા બાળકોમાં ભાવના સાથે આનંદ અને ચારિત્ર્યનું ઘડતર થાય એવી મૌલિક બાળવાર્તાઓ પ્રગટ કરવાનું કાર્ય સોંપ્યું.

'કિશોરભારતી', વિજ્ઞાન ગ્રંથશ્રેણી, વેદસાહિત્ય, વ્યુત્પત્તિશાસ્ત્ર, આમ જનતાને સુલભ સાહિત્ય મળે તે માટે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને પ્રકાશનની જવાબદારી સોંપી.


વ્યાયામકોશ માટે ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળાને કામ સોંપ્યું.

યંત્રવિદ્યાકોશ, ગુજરાતી વ્યાકરણ ગુજરાતી ભાષાનો વિશ્વકોશ બનાવવા માટે ગુજરાત યુનિવર્સિટીએ જવાબદારી લીધી. ગુજરાત યુનિવર્સિટી બાદ આ કાર્ય ઝડપથી પૂર્ણ થાય એ માટે સ્વતંત્ર ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી અને તેને મોટી રકમ ફાળવવામાં આવી. તેમાં ગુજરાતી ભાષાના નવા શબ્દો થકી ભાષાના વિકાસ અર્થે અલાયદું રીસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ સેન્ટર બનાવવામાં આવ્યું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને અંદાજે ૧૦ થી ૧૨ વિષયોમાં વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલથી સન્માનિત કરવા માટે ફંડ આપ્યું.

મોટાએ જ્યાં જ્યાં દાન આપ્યાં છે, તે તમામ સંસ્થાઓ સાથે હરિઃૐ આશ્રમનો સંબંધ આજે પણ જીવંત છે. આ સંસ્થાઓને મોટા પ્રેરિત કાર્યો તેમ જ અન્ય નવાં રચનાત્મક કાર્યો માટે હાલમાં પણ આર્થિક સહયોગ આપવામાં આવે છે. સાહિત્યના પ્રકાશન અર્થે નિયમિતરૂપે રકમોની ફાળવણી થતી રહે છે.







પૂજ્ય શ્રીમોટા દરેક કાર્ય મૌલિક રીતે કરતા. સમાજ માટે કરોડો રૂપિયાનાં દાન કરનાર એવા મોટાએ ક્યાંય પોતાનું નામ, પોતાના નામથી યોજના કે ઍવોર્ડ જાહેર કર્યા નથી, પરંતુ જે તે ક્ષેત્રોમાં કાર્ય કરતી શ્રેષ્ઠ સંસ્થાને શોધી કાઢીને તેને કામની જવાબદારી સોંપવી અને તે અંગે તેને આર્થિક સહાય કરવી એ હતી તેઓની આગવી હૈયાસૂઝ. વળી, તે સ્પર્ધાઓ, કાર્ય, ટ્રસ્ટ, ઍવોર્ડના નામમાં પણ ક્યાંયે પોતાના નામનો ઉલ્લેખ નહિ. જે તે વિષયના વિદ્વાન કે આગળ પડતી પ્રતિભા હોય તેના નામને ઍવોર્ડ સાથે જોડી દેવાનું ફક્ત 'હરિઃૐ આશ્રમ પ્રેરિત' એટલો જ ઉલ્લેખ થાય. જેમ કે હરિઃૐ આશ્રમ પ્રેરિત અખિલ ભારતીય વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા, હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. મીનૂ પરબિયા ગોલ્ડ મેડલ ઈન ધ ફિલ્ડ ઑફ બોટની સાયન્સ વગેરે વગેરે. અરે, સ્વતંત્ર ટ્રસ્ટને આપેલ રકમમાં તો હરિઃૐ આશ્રમના નામનો પણ ઉલ્લેખ નથી. ગુજરાતી ભાષાના સંપૂર્ણ શબ્દકોશ અંગે ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટનો જન્મ હરિઃૐ આશ્રમ થકી જ થયો છે, છતાંયે તે સંસ્થાના નામ સાથે હરિઃૐ આશ્રમ પ્રેરિત એવો ઉલ્લેખ નથી. આ હતી પૂજ્યશ્રીની વિશિષ્ટતા.

તેઓનું સંપૂર્ણ જીવન શ્રી ભગવાન પ્રત્યે સમર્પિત હતું. એટલે જ તેઓ કહેતા કે સમાજ મારો ભગવાન છે. સમાજ સેવાનું કાર્ય પણ તેમણે શ્રીસદ્ગુરુના આદેશથી જ સ્વીકાર્યું અને પોતાને મળેલાં નિમિત્તો સાથેનું ઋણ અદા કર્યું. આ સર્વ કાર્ય પાછળ તેઓશ્રીનો મુખ્ય હેતુ તો, 'આપણા સૌમાં શ્રીભગવાન પ્રત્યેની અભિમુખતા પ્રગટે અને આપણે સૌ જીવનવિકાસના માર્ગે આગળ વધતા રહીએ' તે જ હતો. એટલે પૂજ્ય શ્રીમોટાએ અત્યંત કરુણા કરીને આપણ સૌને અભય વચન આપ્યું છે,- *'આપણે જીવનમાં સાથે હોઈએ કે ના હોઈએ તોપણ તમે મારાં વહાલુડાં સ્વજન છો જ અને રહેવાનાં જ છો. બ્રહ્મા પણ તે સગપણને છેદી શકે તેમ નથી.'*

*('જીવન પાથેય', ચોથી આ., પૃ. ૮૨)*

અસ્તુ.

પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ બાદ હરિઃૐ આશ્રમની પ્રવૃત્તિઓ નિયમિત પણે તેઓશ્રીની વિચારધારા મુજબ ચાલી રહી છે. પૂજ્યશ્રીએ જે સંસ્થાઓને દાન આપ્યાં હતાં તેમની મૂડી આજના જમાનાની સરખામણીએ ઓછી પડે એટલે જાહેર કરેલાં કાર્યો કરવા માટે નાણાંની ખેંચ પડે છે. હરિઃૐ આશ્રમને મળતી દાનની રકમમાંથી આ તમામ સંસ્થાઓના આંકડાઓ તેમ જ પ્રવૃત્તિનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યા પછી તેમને ખૂટતી રકમ કોર્પસ ફંડ ખાતે ફાળવી આપવામાં આવે છે. આમ, પૂજ્યશ્રીએ શરૂ કરેલ સેવાકીય પ્રવૃત્તિઓ કાર્યરત રહે તેની સંભાળ રાખવામાં આવે છે.

વિશેષમાં આશ્રમ સાથે સંકળાયેલી શાળાઓમાં 'પૂજ્ય શ્રીમોટા - જીવન અને કાર્ય' વિશે બાળકોમાં નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાઓ યોજી તેમાં ભાગ લેનાર તમામને પુસ્તકો, પૂજ્યશ્રીનો ફોટો, વિજેતાઓને યોગ્ય પારિતોષિક તથા અન્યોને આશ્વાસન ઈનામો આપવામાં આવે છે. સાથે સાથે શાળાના શિક્ષકો, આચાર્યો અને વહીવટી મંડળના સભ્યોને પણ પુસ્તકો આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. પૂજ્ય શ્રીમોટા આપણી વચ્ચે અક્ષરદેહે સાક્ષાત્ હયાત છે. તેમના મૈલિક સાહિત્યમાં આપણા જીવનના તમામ પ્રશ્નોના ઉત્તર સમાયેલા છે. જરૂર છે માત્ર તેના સતત અભ્યાસની.


તા. ૩૧-૩-૨૦૧૨ સુધીના દાનની આંકડાકીય માહિતી :-

| | |
|---|---|
| (૧) શાળાના ઓરડાઓ અને શિક્ષણની જરૂરી સુવિધાઓ માટે ગુણભાવ સંસ્કાર પોષક પ્રકાશનો / કેળવણી અંગે | ૧૪,૫૦,૦૩,૬૫૨/- |
| (૨) દુકાળ / રેલ રાહત કુદરતી આપત્તિવેળા સમાજને મદદ | ૬૧,૩૫,૪૧૧/- |
| (૩) કૃષિ - વિજ્ઞાન, ઍંજિનિયરિંગ, મેડિકલ અન્ય શિક્ષણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સંશોધન / ગુણ-ભાવનાના વિકાસ અર્થે સાહસ-હિંમત સ્પર્ધાઓ યુનિવર્સિટી તથા ગુજરાતી વિશ્વકોશને દાન | ૭૨,૦૧,૯૬૫/- |
| કુલ રૂ. | ૧૫,૮૩,૪૧,૦૨૮/- |




હરિઃૐ આશ્રમ, નડિયાદ.






## પ્રાથમિક શાળાના ઓરડા બંધાવ્યા

ભારત ઘણો ગરીબ દેશ. દેશ મોટે ભાગે ગામડાંનો જ બનેલો છે. છતાં અનેક ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડા પણ નથી ! આ બાબત મોટાએ ધ્યાનમાં લીધી.

પોતાના વસિયતનામામાં એમણે મૃત્યુનિમિત્તે જે રકમ આવે, તે શાળાના ઓરડાઓ બાંધવામાં વાપરવાનો આદેશ આપ્યો.

મોટાના અવસાન બાદ આશ્રમના સંચાલકો અને મોટાનાં સ્વજનોએ આ કાર્યને યોજનાબદ્ધ સ્વરૂપ આપ્યું.

મોટે ભાગે આદિવાસી વિસ્તારોમાં જ્યાં એક પણ શાળાનો ઓરડો ના હોય, ત્યાં ઓરડા બંધાવ્યા. આશ્રમ તો ગામને આપવાના લોકફાળાની રકમ જ આપે. બાકી રકમ રાજ્ય ફાળવે. ગુજરાત રાજ્યે પણ આ યોજનાને ખૂબ પ્રોત્સાહન આપ્યું.

દૂર દૂરના ઊંડાણના પછાત વિસ્તારોમાં વિવિધલક્ષી કેળવણી આપતી શાળા સંસ્થાઓને, સરકારી, બિનસરકારી, સેવાભાવી ટ્રસ્ટો દ્વારા ચાલતી શાળાઓમાં વિદ્યાલય, છાત્રાલય, ભોજનાલય, શૌચાલય તથા પીવાનાં પાણી માટેની વગેરે મૂળભૂત સુવિધા અને અન્ય સગવડો માટે દાન આપ્યાં. તે માટે મોટી રકમ ફાળવી છે. જે થકી ગુજરાતનાં ઊંડાણનાં ગામડાંઓમાં અત્યાર સુધી (૩૧-૩-૨૦૧૨ સુધી) કુલ ૯૨૯૮ શાળાના ઓરડાઓ તથા શિક્ષણની અન્ય જરૂરી સુવિધાઓનું નિર્માણ થઈ શક્યું છે.









## સાહસિક કામો માટે દાનગંગા



પ્રજામાં સાહસ, હિંમત, શૌર્ય, ખડતલપણું, ફના થવાની તમન્ના, 'યાહોમ કરીને પડો'ની ભાવના વિકસે એ માટે મોટાએ નદી અને સમુદ્રની તરણસ્પર્ધાઓ અને હોડીસ્પર્ધા માટે દાન આપ્યાં. સ્થાનિક જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ અને અખિલ ભારતીય ધોરણે એની વ્યવસ્થા કરી.





ગુજરાતમાં નડિયાદમાં, સુરતમાં, વડોદરામાં, રાજપીપળામાં અને બારડોલીમાં સ્વિમિંગ પુલ બંધાવવા દાન આપ્યાં. સુરતમાં તો ભાઈઓ, બહેનો અને બાળકો માટે અલગ સ્વિમિંગ પુલની રચના કરાવી.





ગુજરાત રાજ્ય સરકારને સમુદ્ર તરણસ્પર્ધા, માટે રાષ્ટ્રીય કક્ષાની અખિલ ભારત વીર સાવરકર દરિયાઈ તરણસ્પર્ધા દર બીજે વર્ષે ચોરવાડથી વેરાવળ કુમારો માટે ૩૨ નોટીકલ માઈલ, કુમારીકાઓ માટે ૧૭ નોટીકલ





માઈલની સ્પર્ધાનાં ઇનામો માટે વર્ષ ૧૯૭૩માં મોટી રકમ ફાળવી આપી. અખિલ ગુજરાત ધોરણે બાળકો માટે ૧૬ કિ.મિ.ની મેરેથોન દોડ સ્પર્ધા જે દર વર્ષે યોજવામાં આવે છે.

તે જમાનામાં જ્યારે હરિજનો પ્રત્યે સમાજને અણગમો હતો ત્યારે અસ્પૃશ્યતા નિવારણ અંગે શ્રેષ્ઠ કામ કરનારને એવોર્ડ.

સમાજમાં રોજિંદા જીવનમાં, સાહસ, શૌર્ય, વીરતા, પ્રમાણિકતા દાખવનાર તેમ જ ત્યાગ, સહનશક્તિ અને સેવાની ભાવનાથી સમાજની સેવા કરનાર સામાન્ય પ્રજાજનને તેઓના ગુણ અને ભાવની કદર ભાવનાના પ્રતીકરૂપે સન્માનપત્ર અને રોકડ રકમ એવોર્ડ.

બહેનોનાં શરીર સુદૃઢ બને, તેમનામાં સાહસ હિંમતના ગુણોનો વિકાસ થાય તે માટે 'મહાજન શક્તિદળ'ની સ્થાપના. જેમાં વિવિધ રમતો અને શરીર સ્વાસ્થ્યના અભ્યાસક્રમો યોજવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિમાં નદીને માતા સમાન ગણવામાં આવી છે. લોકોના મનમાં નદીની પવિત્રતાનું મહત્ત્વ અનેરું છે. ગુજરાતના વિવિધ નદી કિનારાઓના જૂના જર્જરિત થઈ ગયેલા ઓવારાના દુરસ્તી કાર્ય અંગે જે તે સામાજિક સંસ્થાઓને સહાય.


નાનામાં નાનાં ગામડાંઓની શાળાઓમાં બાળકોમાં ગુણ અને ભાવના પ્રગટે, સારા સંસ્કારોનું સિંચન થાય, એવાં પુસ્તકો (સંત ચરિત્રો, ઉપદેશ કથા વગેરે)ની વહેંચણી.

આ ઉપરાંત, ભાઈઓ અને બહેનોની વ્યાયામ પ્રવૃત્તિ, પગપાળા પ્રવાસો, સાઈક્લિંગ, દોડકૂદ, પર્વતારોહણ, વેઈટલિફ્ટિંગ, જુડો, જિમનેસ્ટિક, મેરેથોન દોડ, રમતગમતો વગેરે માટે વિવિધ સ્થાનિક સંસ્થાઓથી માંડીને યુનિવર્સિટી સુધી દાન આપ્યાં. એ માટે પણ રૂપિયા ફાળવ્યા.

# વૈજ્ઞાનિક શોધો માટે દાનગંગા

વિજ્ઞાનના વિકાસ વિના દેશ પ્રગતિ ના કરી શકે. આ મોટાની માન્યતા હતી. આથી, એમણે પારિતોષિકોની ગોઠવણ કરી. વિવિધ વિષયોમાં મૌલિક સંશોધન માટે જે તે વૈજ્ઞાનિકને અખિલ ભારતીય ધોરણે અને રાજ્ય કક્ષાએ સંશોધન એવોર્ડ મળે તેવા હેતુથી અખિલ ભારતીય ધોરણે રૂપિયા ફાળવ્યા. રાજ્ય કક્ષાએ યુનિવર્સિટીઓને રૂપિયા આપ્યા. બીજી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓને પણ ફાળવ્યા.

ભારતની અવકાશ વિજ્ઞાનની સંશોધન કરનારી પ્રમાણિત સંસ્થા ઇસરો (ISRO) પોતાના વડપણ હેઠળ ફક્ત વૈજ્ઞાનિક શોધખોળ અને વિકાસ અર્થે ફિઝિકલ રીસર્ચ લેબોરેટરી (PRL) નામની એક સંસ્થા ચલાવે છે, જેનું વડું મથક અમદાવાદમાં છે. મોટાએ PRL સંસ્થાને વૈજ્ઞાનિકોને તેમના કાર્ય બદલ એવોર્ડથી સન્માનિત કરવાની જવાબદારી સોંપી અને






કોર્પસ ફંડમાં વર્ષ ૧૯૭૩માં રૂ. ૭.૫૦ લાખ ફાળવી આપ્યા. આ ઍવોર્ડ 'હરિઃૐ આશ્રમ પ્રેરિત ડૉ. વિક્રમ સારાભાઈ ઍવોર્ડ ફોર સિનિયર સાયન્ટિસ્ટ'ના નામથી દર બીજે વર્ષે આપવામાં આવે છે. ઍવોર્ડની રકમ રૂ. ૨ લાખ તથા સાથે પ્રશસ્તિપત્ર હોય છે. તે જ રીતે જુનિયર સાયન્ટિસ્ટોને પ્રોત્સાહિત કરવા માટે રૂ. ૫૦,૦૦૦/-ની રકમના ૪ ઍવોર્ડ (૪ વૈજ્ઞાનિકોને) દર બીજે વર્ષે અપાય છે. આ બંને ઍવોર્ડ અનુક્રમ વર્ષે આપવામાં આવે છે.

ખેતીવાડી, પ્રાણીવિજ્ઞાન, આયુર્વેદિક ઔષધિઓ, સસ્તાં ઘરો, જે તે વિસ્તારના વારસાગત રોગ અને તેની દવા, સર્જરી, રસાયણશાસ્ત્ર, ઍન્જિનિયરિંગ, રંગ ઉદ્યોગ, ટૅક્સટાઈલ, સમુદ્રશાસ્ત્ર, પુરાતત્ત્વ વિદ્યા, ખનીજ, કુદરતી (બોટની પ્લાન્ટ્સ) વિજ્ઞાન, ભૂસ્તરશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર વગેરે શાખાઓને આવરી લીધી. વિદ્યાર્થીઓની પ્રતિભાશોધ માટે તેમ જ વિવિધ અભ્યાસક્રમોમાં બાળકોના ભણતરના ખર્ચ અંગે સ્કોલરશિપ યોજના અને વિશેષમાં ગ્રેજ્યુએટ - પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ આપી પ્રોત્સાહિત કરી એની કદર કરવાનું અને તે અંગે દાનની રકમ ગુજરાત રાજ્યમાં વિવિધ યુનિવર્સિટીઓને ફાળવી આપી.

પૂજ્ય શ્રીમોટાની દાન ઉઘરાવવાની અને આપવાની રીત મૌલિક હતી. તેઓશ્રી જે તે હેતુ અર્થે કાર્યની જાહેરાત કરતા અને દાનની ટહેલ નાખતા. જે દાન મળે તે પૂરેપૂરું જે તે વિષયની અધિકૃત સંસ્થાને સોંપી દેતા. જે તે સંસ્થાએ દાનની રકમને કોર્પસ ફંડ તરીકે જાળવવાની રહે અને તેના વ્યાજમાંથી ઇનામ આપવાનાં રહે. પૂજ્ય શ્રીમોટાએ ક્યારેય આશ્રમ માટે પૈસા રાખ્યા નથી.

આમ, પૂજ્ય શ્રીમોટાએ 'સમાજને બેઠો કરવાનો' ભગીરથ પ્રયત્ન કર્યો.







॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

-મોટા





